**સેનેટ (વાર્ષિક સભા)**
**તા.૨૯–૩–૨૦૧૭**

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## –: કાર્યવાહી :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં બુધવાર, તા.૨૯–૩–૨૦૧૭ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન માનનીય કુલપતિશ્રી ડૉ.દક્ષેશ આર. ઠાકરે સંભાળ્યું હતું.

### સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૧) | શ્રી ઓમ પ્રકાશ કોહલી (કુલાધિપતિશ્રી) | ગેરહાજર |
| (૨) | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (કુલપતિશ્રી) | હાજર |
| (૩) | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (ઉપકુલપતિશ્રી) | હાજર |
| (૪) | ડૉ. બી. એ. પ્રજાપતિ (ભૂતપૂર્વ કુલપતિશ્રી) | ગેરહાજર |
| (૫) | **VACANT** | ---- |
| (૬) | સેક્રેટરી, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર | ગેરહાજર |
| (૭) | ધી ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, ગાંધીનગર | ગેરહાજર |
| (૮) | ધી ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર. | ગેરહાજર |
| (૯) | ધી ડાયરેકટર ઓફ હેલ્થ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન, ગાંધીનગર. | ગેરહાજર |
| (૧૦) | ધી ડાયરેકટર ઓફ એગ્રિકલ્ચર, ગાંધીનગર. | ગેરહાજર |
| (૧૧) | ધી ચેરમેન, ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર. | ગેરહાજર |
| (૧૨) | ડૉ.એસ. શ્રીનિવાસ રાવ | હાજર |
| (૧૩) | ડૉ.પ્રિતી કે. ગર્ગ | ગેરહાજર |
| (૧૪) | **VACANT** | ---- |
| (૧૫) | ડૉ.કિરણ એમ. પંડયા | ગેરહાજર |
| (૧૬) | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| (૧૭) | **VACANT** | ---- |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૧૮) | ડૉ.હરીશ ડી. ડોકટર | ગેરહાજર |
| (૧૯) | ડૉ.રમણભાઈ ડી. પટેલ | હાજર |
| (૨૦) | ડૉ.કે. સી. પોરીયા | હાજર |
| (૨૧) | ડૉ.કે. સી. પટેલ | હાજર |
| (૨૨) | ડૉ.એસ. કે. ટાંક | હાજર |
| (૨૩) | **VACANT** | ---- |
| (૨૪) | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| (૨૫) | ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણી | ગેરહાજર |
| (૨૬) | ડૉ.રેણુકા ક્રિષ્નદાસ ગર્ગ | ગેરહાજર |
| (૨૭) | ડૉ.રાજેન્દ્ર બી. પટેલ | હાજર |
| (૨૮) | ડૉ.જશુભાઈ જી. પટેલ | ગેરહાજર |
| (૨૯) | ડૉ.કલ્પના ટી. રાવ | હાજર |
| (૩૦) | આ.ડૉ.વિનોદભાઈ ગુમાનભાઈ પટેલ | હાજર |
| (૩૧) | આ.ડૉ.શૈલેન્દ્રસિંહ ગંભીરસિંહ માંગરોલા | હાજર |
| (૩૨) | આ.ડૉ.અશોક મોઘાભાઈ દેસાઈ | ગેરહાજર |
| (૩૩) | આ.ડૉ.અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા | ગેરહાજર |
| (૩૪) | **VACANT** | ---- |
| (૩૫) | આ.ડૉ.પ્રભુદાસ એમ. જલસણવાલા | હાજર |
| (૩૬) | **VACANT** | ---- |
| (૩૭) | આ.ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| (૩૮) | આ.ડૉ.પ્રફુલ્લસિંહ જશવંતસિંહ રાજ | હાજર |
| (૩૯) | આ.ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| (૪૦) | આ.ડૉ.વિકાસભાઈ એ. દેસાઈ | ગેરહાજર |
| (૪૧) | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| (૪૨) | આ.ડૉ.હરેશભાઈ આર. પટેલ | હાજર |
| (૪૩) | આ.ડૉ.જયોતિબેન મગનલાલ નાયક | ગેરહાજર |
| (૪૪) | આ.ડૉ.ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ | હાજર |
| (૪૫) | આ.ડૉ.જયેન્દ્રસિંહ પહાડસિંહ ગોહિલ | હાજર |
| (૪૬) | આ.ડૉ.વિપીનકુમાર દયાળજી નાયક | હાજર |
| (૪૭) | આ.ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડા | હાજર |
| (૪૮) | આ.ડૉ.જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૪૯) | આ.ડૉ.પંકજભાઈ સુબોધચન્દ્ર દેસાઈ | ગેરહાજર |
| (૫૦) | **VACANT** | ---- |
| (૫૧) | **VACANT** | ---- |
| (૫૨) | આ.ડૉ.રાઉ જ્યોતિ રઘોથામા | ગેરહાજર |
| (૫૩) | આ.ડૉ.દિલિપભાઈ વરસાણી | હાજર |
| (૫૪) | ડૉ.કલ્પના આશિત દેસાઈ (ડીન) | ગેરહાજર |
| (૫૫) | આ.ડૉ.જયંત ઠાકોરભાઈ દેસાઈ | ગેરહાજર |
| (૫૬) | આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશી | હાજર |
| (૫૭) | **VACANT** | ---- |
| (૫૮) | આ.ડૉ.હર્ષાવતી સી. પટેલ | ગેરહાજર |
| (૫૯) | **VACANT** | ---- |
| (૬૦) | આ.ડૉ. જશવંતકુમાર ઠાકોરભાઈ ચૌધરી | ગેરહાજર |
| (૬૧) | આ.ડૉ.હેમાલીબેન અરૂણભાઈ દેસાઈ | હાજર |
| (૬૨) | **VACANT** | ---- |
| (૬૩) | **VACANT** | ---- |
| (૬૪) | આ.ડૉ.નિતિન મગનલાલ પટેલ | હાજર |
| (૬૫) | આ.ડૉ.હિતેન્દ્રસિંહ યશવંતસિંહ ખરવસીયા | હાજર |
| (૬૬) | આ.ડૉ.ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૬૭) | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| (૬૮) | આ.ડૉ.ભારતીબેન મનહરલાલ પંચોલી | હાજર |
| (૬૯) | **VACANT** | ---- |
| (૭૦) | **VACANT** | ---- |
| (૭૧) | આ.ડૉ.જાગૃતિ કમલેશ પટેલ | હાજર |
| (૭૨) | આ.શ્રી પર્સી રૂષી એન્જિનિયર | ગેરહાજર |
| (૭૩) | આ.ડૉ.કેયુરકુમાર એમ. નાયક | ગેરહાજર |
| (૭૪) | આ.ડૉ.પ્રવિણચંદ્ર એમ. પટેલ | ગેરહાજર |
| (૭૫) | આ.ડૉ.પૃથુલ આર. દેસાઈ | હાજર |
| (૭૬) | આ.ડૉ.ફાલ્ગુનીબહેન હર્ષદરાય દેસાઈ | ગેરહાજર |
| (૭૭) | આ.ડૉ.વિનોદચંદ્ર નવિનભાઈ પટેલ | હાજર |
| (૭૮) | આ.ડૉ.બિમલેષકુમારી એ. તેવટીયા | હાજર |
| (૭૯) | આ.ડૉ.બળવંતસિંહ એન. ઠાકોર | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૮૦) | આ.ડૉ.મધુકર એસ. પાડવી | હાજર |
| (૮૧) | આ.ડૉ.ઈસ્માઈલ મુસા ભાણા | હાજર |
| (૮૨) | આ.ડૉ.કિશોરકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૮૩) | આ.ડૉ.ઘનશ્યામ મગનભાઈ બુટાની | ગેરહાજર |
| (૮૪) | ડૉ.જયેશકુમાર એમ. બ્રહ્મભટ્ટ | હાજર |
| (૮૫) | શ્રીમતી ડૉ.ફાલ્ગુની સુરેન્દ્રસિંહ વાંસીયા | ગેરહાજર |
| (૮૬) | આ.ડૉ.જયેશકુમાર ધીરુભાઈ પટેલ | ગેરહાજર |
| (૮૭) | આ.ડૉ.કિન્નરી ભરતભાઈ પટેલ | હાજર |
| (૮૮) | આ.ડૉ.આનંદકુમાર યશોધર ભટ્ટ | ગેરહાજર |
| (૮૯) | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| (૯૦) | **VACANT** | ---- |
| (૯૧) | આ.ડૉ.મંદિરવાલા રશ્મી દિનેશચન્દ્ર | હાજર |
| (૯૨) | **VACANT** | ---- |
| (૯૩) | આ.ડૉ.કલ્યાણીબહેન રજનીકાન્ત ભટ્ટ | ગેરહાજર |
| (૯૪) | આ.ડૉ.વિપુલ રાજેન્દ્રભાઈ શાસ્ત્રી | ગેરહાજર |
| (૯૫) | આ.ડૉ.ચિરાંગી હરીશકુમાર દેસાઈ | ગેરહાજર |
| (૯૬) | આ.ડૉ.ભાવેશકુમાર ઈશ્વરલાલ રાવલ | હાજર |
| (૯૭) | આ.ડૉ.સુધીરભાઈ હરિપ્રસાદ જાની | ગેરહાજર |
| (૯૮) | **VACANT** | ---- |
| (૯૯) | **VACANT** | ---- |
| (૧૦૦) | આ.ડૉ.શ્રીમતી માર્ટીના આર. નરોહના | હાજર |
| (૧૦૧) | **VACANT** | ---- |
| (૧૦૨) | **VACANT** | ---- |
| (૧૦૩) | **VACANT** | ---- |
| (૧૦૪) | આ.ડૉ.રૂપાલી અશ્વિનભાઈ શાહ | હાજર |
| (૧૦૫) | **VACANT** | ---- |
| (૧૦૬) | **VACANT** | ---- |
| (૧૦૭) | **VACANT** | ---- |
| (૧૦૮) | **VACANT** | ---- |
| (૧૦૯) | શ્રી પંકજકુમાર મનવસરાય દેસાઈ | હાજર |
| (૧૧૦) | શ્રી પ્રવિણસિંહ આર. સોલંકી | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૧૧૧) | શ્રી પ્રવિણચંદ્ર ઠાકોરભાઈ માલી | હાજર |
| (૧૧૨) | શ્રી એ. બી. નાયક | હાજર |
| (૧૧૩) | શ્રીમતી સુહાસબેન અનિલસિંહ ડાભી | હાજર |
| (૧૧૪) | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| (૧૧૫) | શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા | હાજર |
| (૧૧૬) | શ્રી કમલેશ મગનભાઈ પટેલ | હાજર |
| (૧૧૭) | ડૉ.રજનીકાંત મોહનલાલ પટેલ | હાજર |
| (૧૧૮) | ડૉ.કે. એન. ભટ્ટ | હાજર |
| (૧૧૯) | શ્રી બાબુભાઈ બંદુભાઈ ચૌધરી | હાજર |
| (૧૨૦) | શ્રી કિરીટસિંહ જશવંતસિંહ વાસંદિયા | હાજર |
| (૧૨૧) | શ્રી ઠાકોરભાઈ એન. ચૌધરી | હાજર |
| (૧૨૨) | ડૉ.વિનોદ પટેલ | હાજર |
| (૧૨૩) | ડૉ.ઘનશ્યામ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| (૧૨૪) | શ્રી સ્નેહલ કિરણભાઈ જોશી | હાજર |
| (૧૨૫) | શ્રી મહેશ નારણભાઈ નાગેચા | હાજર |
| (૧૨૬) | શ્રી અનિલ દિપચંદ ગોપલાણી | ગેરહાજર |
| (૧૨૭) | **VACANT** | ---- |
| (૧૨૮) | શ્રી જીતેન્દ્રકુમાર કે. ટંડેલ | ગેરહાજર |
| (૧૨૯) | શ્રી હર્ષ આર. સંઘવી | ગેરહાજર |
| (૧૩૦) | શ્રી છનાભાઈ કે. ચૌધરી | ગેરહાજર |
| (૧૩૧) | શ્રી જયરામભાઈ ચેમાભાઈ ગામીત | ગેરહાજર |
| (૧૩૨) | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| (૧૩૩) | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| (૧૩૪) | **VACANT** | ---- |
| (૧૩૫) | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| (૧૩૬) | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| (૧૩૭) | શ્રી સનમકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| (૧૩૮) | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| (૧૩૯) | શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલ | હાજર |
| (૧૪૦) | ડૉ. કશ્યપ પ્રવિણસિંહ ખરચીયા | હાજર |
| (૧૪૧) | શ્રી ગણપતભાઈ ભૂરાભાઈ ધામેલીયા | હાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૯–૩–૨૦૧૭ |
|---|---|---|
| (૧૪૨) | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | ગેરહાજર |
| (૧૪૩) | શ્રી ધર્મેશભાઈ પી. શાહ | હાજર |
| (૧૪૪) | શ્રી કિરીટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| (૧૪૫) | **VACANT** | ---- |
| (૧૪૬) | **VACANT** | ---- |
| (૧૪૭) | ડૉ.અનિલભાઈ ગોસ્વામી | હાજર |
| (૧૪૮) | શ્રી યોગેશભાઈ બટુકભાઈ દેસાઈ | હાજર |
| (૧૪૯) | શ્રી મહેશભાઈ વલ્લભભાઈ પટેલ | હાજર |
| (૧૫૦) | શ્રી દિનકરરાય સી. નાયક | ગેરહાજર |
| (૧૫૧) | ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |

સભાની શરૂઆત યુનિવર્સિટી ગીતથી થઈ હતી ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા અને સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન દિવંગત થયેલ નીચે મુજબના મહાનુભાવો, યુનિવર્સિટીના સિન્ડિકેટ/સેનેટ સભ્યશ્રીઓ, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ, પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રધ્ધાંજલી આપી હતી.

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. ડૉ.જગદીશભાઈ એમ. ગુર્જર | પ્રોફેસર અને હેડ, ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| ૨. | સ્વ. દિપકભાઈ એલ. વાઘેલા | સાયન્સ બિલ્ડીંગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |

ઈન્ચાર્જ કુલસચિવશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચે મુજબના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને તેઓ યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે તેવી આશા વ્યકત કરી હતી.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ.જશુભાઈ જી. પટેલ | આફિસિયેટીંગ હેડ,ગુજરાતી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૨. | ડૉ.જયેશકુમાર એમ. બ્રહ્મભટ્ટ | ડીનશ્રી, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, મજૂરાગેટ, સુરત. |
| ૩. | આ.ડૉ.ભાવેશકુમાર ઈશ્વરલાલ રાવલ | આચાર્યશ્રી, શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પ્રમુખ પાર્ક, બી. આર. સી. કોલોની, ભેદવાડ–પાંડેસરા, સુરત–નવસારી રોડ, સુરત. |
| ૪. | ડૉ.શ્રીમતી માર્ટીના આર. નરોહના | આચાર્યશ્રી, સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાલાઈન્સ, સુરત. |
| ૫. | આ.ડૉ.રૂપાલી અશ્વિનભાઈ શાહ | આચાર્યશ્રી, અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેડ રોડ, સુરત. |

વય મર્યાદાને લીધે તથા અન્ય કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોની તેઓએ આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી તેની યાદી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ.જે. આર. મહેતા | ભૂતપૂવ કુલસચિવશ્રી, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૨. | ડૉ.પરવેઝ અહેમદ અબ્બાસી | પ્રો.અને હેડ, સોસ્યોલોજી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૩. | ડૉ.દમયંતીબહેન પરમાર | પ્રો.અને હેડ, કમ્પરેટીવ લીટરેચર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૪. | ડૉ.મોહિનીબહેન ગઢિયા | પ્રો.અને હેડ, એકવેટીક બાયોલોજી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૫. | ડૉ.જગદીશભાઈ ગુર્જર | પ્રો.અને હેડ, ગુજરાતી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત. |
| ૬. | આ.ડૉ.રાજેન્દ્રપ્રસાદ માયાદત્ત પાંડેય | આચાર્યશ્રી, ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભીલાડ, તા.ઉમરગામ, જી.વલસાડ. |
| ૭. | આ.ડૉ.છાયા કમલ ગીરીશચંદ્ર | આચાર્યશ્રી, ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, વાંસદા રોડ, પથીકાશ્રમ, તા.ચીખલી, જી.નવસારી. |
| ૮. | આ.ડૉ.બાબુભાઈ એફ. ટંડેલ | આચાર્યશ્રી, કોલેજ ઓફ એજયુકેશન, કથીરીયા, નાની દમણ. |
| ૯. | આ.ડૉ.મહેશકુમાર નાથુભાઈ વશી | આચાર્યશ્રી, વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા, જી.નવસારી. |
| ૧૦. | આ.ડૉ.કાન્તીલાલ દેવજીભાઈ ટીલ્વા | આચાર્યશ્રી, મુ.પો. ખોખરાઉમર, સાબરા રોડ, આઈ.ટી.આઈ. બિલ્ડીગ, તા.ડેડીયાપાડા, જી.નર્મદા. |
| ૧૧. | ડૉ.રાઘવેન્દ્ર દિક્ષિત | ડીનશ્રી, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, મજૂરાગેટ, સુરત. |
| ૧૨. | આ.ડૉ.બાબારાજુ કીકુભાઈ ભટ્ટ | આચાર્યશ્રી, અંબાબા કોમર્સ કોલેજ, મનીબા ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, મુ.સાબરગામ, પો.નિયોલ, તા.ચોર્યાસી, જી.સુરત. |
| ૧૩. | ડૉ.આર. ડી. પટેલ | (ગર્વમેન્ટ નિયુકત સેનેટ સભ્યશ્રી) બી/૪૦૧, રીષીકેશ સોસાયટી, તીથલ રોડ, વલસાડ. |

૧. સેનેટની તા.૨૯–૩–૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **સેનેટની તા.૨૯–૩–૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવી હતી.**

૨. સને ૨૦૧૭–૨૦૧૮ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

:: **ઉપરોકત ચૂંટણી માટે ઉમેદવારીપત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને નીચેના ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાં:**

**(૧) શ્રી પંકજકુમાર મનવસરાય દેસાઈ**

**(૨) ડૉ.વિનોદભાઈ પટેલ**

**(૩) શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા**

**(૪) ડૉ.કશ્યપ પ્રવિણસિંહ ખરચિયા**

**(૫) શ્રી ધર્મેશભાઈ પદ્મનાબભાઈ શાહ**

**ઉપરોકત પાંચ (૫) ઉમેદવારોના ઉમેદવારીપત્રકોની ચકાસણી થતાં તમામ માન્ય ઠર્યા હતા. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની નિયત તારીખ અને સમય મર્યાદા સુધીમાં કોઈ પણ ઉમેદવારે ઉમેદવારીપત્રક પરત ખેંચ્યું ન હોવાથી પાંચ (૫) જગ્યા હોઈ નીચે જણાવેલ પાંચ (૫) ઉમેદવારોને નાણાંકીય વર્ષઃ ૨૦૧૭–૨૦૧૮ માટે બિન હરીફ ચુંટાયેલાં જાહેર કરવામાં આવ્યાં હતાં અને આ ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું એટલે કે, તા.૧–૪–૨૦૧૭ થી તા.૩૧–૩–૨૦૧૮ સુધીનું અથવા સેનેટ સભ્યપદ ચાલુ રહે તે સમય સુધી જે પણ વહેલું હશે ત્યાં સુધીનું રહેશે.**

**(૧) શ્રી પંકજકુમાર મનવસરાય દેસાઈ**

**(૨) ડૉ.વિનોદભાઈ પટેલ**

**(૩) શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા**

**(૪) ડૉ.કશ્યપ પ્રવિણસિંહ ખરચિયા**

**(૫) શ્રી ધર્મેશભાઈ પદ્મનાબભાઈ શાહ**

## (૨.અ) પ્રશ્નોત્તરી :

## : પ્રશ્નોત્તરી :

### ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧. યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ ઓડિટોરીયમ (કન્વેન્શન સેન્ટર) અને સ્પોર્ટસ કોમ્પલેક્ષને અન્ય સંસ્થાઓને ભાડે આપવા કોઈ નિતિ નિયમો ઘડવામાં આવ્યા છે?

જો હોય, તો એની માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તરઃ** ૧. હા જી, કન્વેન્શન હોલ ભાડે આપવાના નિતીનિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ : ' ૧ '** તરીકે સામેલ છે. સ્પોર્ટસ કોમ્પલેક્ષ અન્ય સંસ્થાઓને ભાડે આપવામાં આવતું નથી. **(પરિશિષ્ટ : ' ૧ ')**

### આ. ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૨. કેન્દ્ર સરકારની ડીમોનીટાઈઝેશન તેમજ મેઈક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા વગેરે કાર્યક્રમના પ્રોત્સાહન માટે પગલા ભરવાનું શું આયોજન છે?

**ઉત્તરઃ** ૨. કેન્દ્ર સરકારની ડીમોનીટાઈઝેશનના કાર્યક્રમના પ્રોત્સાહન માટે યુનિવર્સિટી દ્વારા તમામ ચૂકવણાં RTGS/NEFT/CHEQUE દ્વારા કરવામાં આવે છે. યુનિવર્સિટી ખાતે મા.કુલપતિશ્રીના અધ્યક્ષ પણા હેઠળ Startup & Entrepreneurship Councilની રચના કરવામાં આવેલ છે. જેની એડવાઈઝરી સમિતિમાં મા.ઉપકુલપતિશ્રી, યષ્બહ ડાયરેકટરશ્રી, એચ.આર.ડી.વિભાગના વડાશ્રી, મખયોના વડાશ્રી, ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી તથા ધ સધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી તથા સાઉથ ગુજરાત પ્રોડકટીવીટી કાઉન્સીલના પ્રમુખશ્રીનો સમાવેશ કરવામા આવેલ છે અને ર્ડા.મનીષ સિધ્ધપુરીયા, પ્રોફેસર, મખયો ને સદર કાઉન્સિલના કો–ઓર્ડિનેટર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. કેશલેસ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા અર્થે એન. એસ. એસ. એન. સી. સી. અને દક્ષિણ ગુજરાત પ્રોડકટીવીટ કાઉન્સિલ તથા બેંકોના સહયોગથી વિદ્યાર્થીઓમાં જાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા.

**આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ડીમોનીટાઈઝેશન બાબતે યુનિવર્સિટી નાની રકમ કેશથી ચુકવશે કે કેમ?

**ઉત્તર : ૧.** ટી.એ. અધ્યાપક/કર્મચારીને રોકડમાં ચુકવવાનું વિચારી રહી છે. ગાડી ભાડુ તરતજ ચુકવી શકાય. મોટી રકમ ખાતામાં જમા થાય તો ટેક્ષ ભરવાનો થાય માટે શકય હોય ત્યાં રોકડમાં ચુકવી શકાય.

**આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** કેશલેસ પધ્ધતિના લીધે મેડીકલ પરીક્ષામાં ચેરમેનને કેશથી આપતા હતા પણ હાલ તે અપાયેલ નથી માટે તકલીફ પડેલ.

**ઉત્તર : ૧.** આ દિશામાંથી કોઈ નિવારણ / હલ માટે યુનિવર્સિટી વિચારી રહી છે. હિસાબી વિભાગને યોગ્ય કાર્યવાહી કરવાની સુચના આપી છે.

**ડૉ.જયેશકુમાર એમ. બ્રહ્મભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** યુનિવર્સિટી દ્વારા પરીક્ષા લેવાય છે યુનિવર્સિટી જ કોઈ હોટલનું પેકેજ રોકી શકે? કેશ આપી શકાય કે કેમ?

**ઉત્તર : ૧.** હાલ શકય જણાતું નથી પણ લાંબા ગાળા માટે કોઈ કરાર કરી શકાય. યુનિવર્સિટીની ભૌતિક સગવડતા વિકસાવીએ કે અધ્યાપકો બહાર જાય નહીં. યુનિવર્સિટીના જુના ગેસ્ટ હાઉસને રિનોવેટની કામગીરી ચાલુ છે. કોઈ યોગ્ય સુવિધા ઉભી કરી શકાય. તમામ રૂમોને એ.સી. પણ કરીશું. નવી વ્યવસ્થા ઊભી થઈ રહી છે. જેથી હોટલમાં જવું ન પડે.

**શ્રી એ. બી. નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** કેશલેસ બનાવવા સંદર્ભે પરીક્ષામાં અધ્યાપકો આવશે. ટી.એ./રેમ્યુનરેશન ખાતામાં જમા ન કરવા ટી.એ. રોકડમાં ચુકવવા જોઈએ?

**ઉત્તર : ૧.** યોગ્ય હલ કરીશું/વિચારીશું અન્ય યુનિવર્સિટીઓમાં કઈ રીતે ચુકવણું થઈ રહ્યું છે તેની માહિતી મેળવીશું કોઈ યોગ્ય હલ કરીશું. હિસાબી વિભાગ સાથે બેઠક કરી હતી યોગ્ય નિકાલની સુચના આપી છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ટી.એ. ટેક્ષેબલ નથી ચેકથી ચુકવવું જોઈએ?

**ઉત્તર : ૧.** અભ્યાસ કરી યોગ્ય નિકાલ લાવીશું

**આ.ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ટીમ મેનેજરને કંઈક રોકડ આપવી જોઈએ? ખેલાડીના ખાતામાં જ સીધા જમા થાય ખરા?

**ઉત્તર : ૧.** ટીમ મેનેજરને કઈ રીતે ચુકવવા તેનો યોગ્ય નિકાલ કરીશું? કોઈ અલગ ખાતુ ખોલાવી શકાય કે કેમ? શકયતાઓનો અભ્યાસ કરીશું.

**શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** **Pay TM** નો ઉપયોગ ન કરી શકાય?

**ઉત્તર : ૧.** ઉપયોગ કરી શકાય કેશલેસ માટે મશીનો ખરીદીશું.

**આ.ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** યુનિવર્સિટીને ખર્ચ નહીં લાગે?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટી ખર્ચ કરશે.

**શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** યુનિવર્સિટીમાં રીએસેસ્મેન્ટ ફી વગેરેની ફી ભરવા નાની ફી માટે ચેક લેવામાં આવતો નથી શા માટે? કયારે વિદ્યાર્થી ડેબીટ કાર્ડથી પૈસા ચુકવશે?

**ઉત્તર : ૧.** વિદ્યાર્થીઓને ઓછી અગવડતા પડે તેની કાળજી રાખીશું બેંકના અધિકારીઓ સાથે બેઠક થઈ છે. વિદ્યાર્થીઓ બેંક કે કેશ કાઉન્ટર પર ઉભા ન રહે તેની આ બાબતે વિસ્તૃત ચર્ચા થયેલ છે. લગભગ જુનથી આવી વ્યવસ્થાઓ થશે. વિદ્યાર્થી યુનિવર્સિટી ન આવે તેવા પ્રયત્નો થશે.

**આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩. રમતગમતના વિકાસ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કોઈ વધારાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે? ઉપરોકત ગ્રાન્ટના ઉપયોગ માટે લેવાયેલા પગલા બાબતે જાણકારી આપશો?

**ઉત્તરઃ** ૩. હા જી, ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટી, ગાંધીનગર તરફથી મળેલ ગ્રાન્ટમાંથી સ્વીમીંગ પુલ વીથ જીમ્નેશીયમ હોલ અને એથલેટીક ટ્રેક અને હોકી ગ્રાઉન્ડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

**ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** યુનિવર્સિટી ક્રિકેટના મેઈન્ટેનન્સ માટે કોઈ વ્યવસ્થા છે? અલગ નાણાંની વ્યવસ્થા છે?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટીમાં ક્રિકેટનું ખુબ સારું મેદાન છે તેની યોગ્ય સાચવણી કરવી જરૂરી જ છે. યુનિવર્સિટીને રૂષા દ્વારા અનુદાન મળે છે તે તેના યોગ્ય હેતુ માટે જ રકમ હોય છે. ગ્રાન્ટ અન્ય જગ્યાએ વાપરી ન શકાય. યોગ્ય દરખાસ્ત કરવામાં આવશે. યુનિવર્સિટી યોગ્ય નિભાવણી/ સાચવણી માટે ચિંતિત છીએ અલગ કર્મચારીઓની ભરતી પણ કરવામાં આવી છે.

**શ્રી કિરીટકુમાર અમૃતલાલ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** સ્વીમીંગ પુલ, જીમ, એથ્લેટીક ટ્રેકની કામગીરી કયારે પુરી થશે?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટી ઇતિહાસમાં પ્રથમ વખત એક માતબર રકમ સરકાર તરફથી યુનિવર્સિટીને મળી છે. ગુજરાતમાં સૌથી સારી માળખાગત સુવિધા ઊભી થાય તેવી કામગીરી ચાલી રહી છે. સમયસર કામગીરી પૂર્ણ થશે જ.

**આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** સ્પોર્ટસનું ખુબ મોટું ભંડોળ છે? તેમાંથી નિભાવણી કરી શકાય?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટી રમતગમતની અનેક પ્રકારની ફી લેવાય છે. યુનિવર્સિટીએ ગ્રાઉન્ડ પર જ મકાન/ ભવન બનાવ્યું જેથી તમામ સુવિધાઓ મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરેલ છે. એકાદ વર્ષમાં આ તમામ રમતગમતની સુવિધાઓ ઊભી થઈ જશેજ.

**શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ક્રિકેટમાં આપણી યુનિવર્સિટી રોહીન્ટન કપ જીતી. યુનિવર્સિટીના ખેલાડીઓને પ્રેકટીસ માટેની પીચ ઊભી કરી શકાય?

**ઉત્તર : ૧.** ચોકકસ યોગ્ય વ્યવસ્થા ઊભી કરી શકાય. યુનિવર્સિટીના મેદાનને ખુબ ખર્ચ કરી ઊભું કરેલ છે અન્ય મેદાન તૈયાર કરી શકાય જયાં વિદ્યાર્થીઓ પ્રકટીસ કરી શકે છે. યોગ્ય વ્યવસ્થા ચોકકસ કરીશું.

**શ્રી કિરીટસિંહ જશવંતસિંહ વાંસદિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** રમતગમતના કેમ્પો થાય માટે છાત્રાલયની વ્યવસ્થા ઊભી કરી શકાય (સ્પોર્ટ હોસ્ટેલ)?

**ઉત્તર : ૧.** હા જી, જરૂર કરી શકાય. હોસ્ટેલ બનાવવા માટે સરકારશ્રીને દરખાસ્ત કરી શકાય. યુનિવર્સિટીની કોઈ ગ્રાન્ટ પરત ન જાય તેની કાળજી રાખીશું. સમરસ છાત્રાલય બનવાના લીધે રૂમો ખાલી છે તેનો યોગ્ય ઉપયોગ રમતગમત માટે પણ કરી શકાય. હોસ્ટેલનો કોઈ એક બ્લોક રમતગમત માટે/ વિદેશના વિદ્યાર્થીઓ માટે આપી શકાય.

**ડૉ.કશ્યપ પ્રવિણસિંહ ખરચીયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ક્રિકેટની પીચ માટે તથા મોટું રમતગમતનું મેદાન બનવા જઈ રહ્યું છે ત્યારે કઈ યોજના બનાવી શકાય?

**ઉત્તર : ૧.** યોગ્ય નિભાવ ફંડ જરૂર ઊભું કરી શકાય. યોગ્ય માણસોની નિમણુંક થાય તેની દરખાસ્ત કરીશું. યુનિવર્સિટીની રમતગમતની ફી માંથી પણ કંઈક ફંડ ફાળવી શકાય.

**શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** માણસો રાખવાના ઠરાવો થયેલ છે. સમરસ છાત્રાલયમાં આપણા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા એમ. ઓ. યુ. કરવા જોઈએ?

**ઉત્તર : ૧.** સ્પોર્ટસ માટે યુનિવર્સિટીએ નિમણુંકો કરેલ છે. વધુ માણસો પણ લેવા જોઈએ. આવકમાંથી યોગ્ય સગવડો મળી શકે માટે યોગ્ય કરીશું. સમરસ છાત્રાલયની ચિંતા કરીશું. સમરસ છાત્રાલયમાં યુનિવર્સિટી કંઈજ કરી શકતી નથી. કન્ટ્રોલ યુનિવર્સિટીનો નથી.

**આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** બરકતુલા યુનિવર્સિટીનો પત્ર યુનિવર્સિટી ત્રણ વિદ્યાર્થીઓની પસંદગી થયેલ છે. યુનિવર્સિટીના આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કરી શકાય?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પસંદગી થાય તે ગૌરવ થાય એવી ઘટના છે. યુનિવર્સિટીની આ જવાબદારી છે. ચૌકકસ પ્રોત્સાહન આપી શકાય. યુનિવર્સિટી ચોકકસ કંઈક રકમ ફાળવી શકાય. હાલમાં જ આપણે યુનિવર્સિટીની વિદ્યાર્થીને એક લાખ રૂપિયા ફાળવેલ છે. પ્રોત્સાહીત જરૂર કરીશું.

**શ્રી કિરીટકુમાર અમૃતલાલ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** યુનિવર્સિટીનું મુખ્ય વહીવટી ભવન નવું કરી શકાય?

**ઉત્તર : ૧.** યોગ્ય વિચારણા કરીશું.

**શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** રમતગમતની સુવિધાઓ બનશે? તો વિદ્યાર્થીઓને લાભ મળશે.

**ઉત્તર : ૧.** યુનિવર્સિટી ચોકકસ એ દિશામાં આગળ વધશે.

**શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** રમતગમતની સુવિધાઓ/ અન્ય મકાનો માટે મેઈન્ટનન્સ ઊભું કરી શકાય/ નિભાવ ફંડ ઊભું કરી શકાય.

**ઉત્તર : ૧.** અમુક રકમ / ફંડ જરૂર રાખી શકાય / ઊભું કરી શકાય માળખાગત સુવિધાઓ માટે ફંડ ઊભું કરવું જ જોઈએ.

**શ્રી ગણપતભાઈ ભુરાભાઈ ધામેલીયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** રાષ્ટ્રીય કક્ષાના વિજેતાઓ માટે પરીક્ષા માટે કોઈ ખાસ સુવિધાઓ/ છુટછાટ આપી શકાય?

**ઉત્તર : ૧.** યુનિવર્સિટીના પ્રતિનિધિત્વ કરનારા ખેલાડીઓ માટે કોઈ વિશેષ પ્રકારે અલગ પરીક્ષા લેવી જોઈએ તેવી વ્યવસ્થા ઊભી કરવા બાબત સત્તા મંડળોમાં રજુ કરીશું.

**ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૪. આપણી યુનિવર્સિટીમાં કુલ કેટલા ઈ–બુકસ ખરીદવામાં આવ્યા છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**ઉત્તર:** ૪. ઈ–બુકસની સંખ્યા – ૬૯૪, કુલ રૂા.૬૮,૦૫,૫૧૪/–નો ખર્ચ થયેલ છે.

**ડૉ.એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** આ કયા વર્ષ માટે ખર્ચ થયેલ છે? અંગ્રેજીમાં છે? કેટલા વિદ્યાર્થીઓએ ઉપયોગ કર્યો છે? રૂા.૬૮,૦૫,૫૧૪/–નો ખર્ચ થયો તેનો કેટલો ઉપયોગ થયો? મોટા ભાગની વિદેશી કંપનીઓ છે?

**ઉત્તર : ૧.** આ વર્ષ ૨૦૧૩–૧૪ અને વર્ષ ૨૦૧૬ સુધીની છે. ઈ–લાઈબ્રેરી ઊભી થવી જ જોઈએ. યુનિવર્સિટી વિદ્યાર્થીઓને આ પ્રકારે લાભ મળવો જ જોઈએ. યુનિવર્સિટીના વિભાગીય વડાને પુસ્તકો ખરીદવા જણાવ્યું છે.

**ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન : ૧.** ઈ–બુકસની ઉપયોગીતા બાબતે યુનિવર્સિટીથી કરી શકાય કે અન્ય જગ્યાએથી થઈ શકે? આયોજન છે?

**ઉત્તર : ૧.** અધ્યાપકોએ વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી જોઈએ.

આ તબકકે સ્ટેટયૂટ(૩૬)(૧)ની જોગવાઈ અન્વયે પ્રશ્નોત્તરી માટેનો એક કલાકનો સમય પૂરો થતાં નીચેના પ્રશ્નો (૫ થી ૬૦) વિચારણામાં લઈ શકાયા ન હતા.

**આ.ડૉ.હેમાલીબહેન અરૂણભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ તથા ૨૦૧૫–૧૬ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં નિયુકત થયેલ અને યુનિવર્સિટીએ માન્યતા આપી હોય એવા અધ્યાપકોની સંખ્યા જણાવવા વિનંતી.

**ઉત્તર:** ૫. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ૨૧૯ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન ૫૬૪ અધ્યાપકોને યુનિવર્સિટીએ માન્યતા આપેલ છે.

**આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૬. શ્રી ક. મા. મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર હાલમાં કાર્યરત છે કે કેમ?
(અ) હા તો તે અંતર્ગત હાથ ધરવામાં આવેલ કાર્યક્રમની વિગત આપશો.
(બ) ના હોય તો કયા કારણસર કાર્યરત નથી તેની વિગત આપશો.

**ઉત્તર:** ૬. હા જી.
(અ) શ્રી ક.મા. મુનશી : બહુરંગી વ્યકિતત્વ ૧૬–૦૨–૨૦૧૭ રોજ રાષ્ટ્રીય પરિસંવાદ હાલમાં કરેલ છે. ક.મા.મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર અને એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચના સંયુકત ઉપક્રમે ' સર્જક ક.મા.મુનશી : પુનઃર્મુલ્યાંકન' વિષય પર એક દિવસના રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થયેલ.
(બ) ઉપરોકત (અ) નો ઉત્તર જોતા (બ)નો ઉત્તર આપવાનો રહેતો નથી.

**શ્રી પંકજકુમાર એમ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭. દક્ષિણ ગુજરાતમાં કેટલી સરકારી વાણિજય કોલેજો છે અને ભવિષ્યમાં કેટલી વાણિજય કોલેજો ખોલવા માટેની દરખાસ્તો છે તે જણાવવા વિનંતી.

– બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનના કાર્યક્ષેત્રમાં આવતા કાર્યો એમની પાસે કઈ કઈ સત્તાઓ છે?

– બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યૂરલની વર્ષમાં કેટલી મિટિંગો થવી જોઈએ? એના કાર્યક્ષેત્રો કયા?

**ઉત્તર:** ૭. દક્ષિણ ગુજરાતમાં કુલ ૯ સરકારી વાણિજય કોલેજો છે. હાલ નવી સરકારી વાણિજય કોલેજો માટે કોઈ દરખાસ્ત મળેલ નથી.

– બોર્ડ ઓફ સ્પોર્ટસના કાર્યક્ષેત્રમાં આવતા કાર્યોના સ્ટેટયૂટની નકલ આ સાથે **પરિશિષ્ટ :' ૨ '** તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : ' ૨ ')**

– The Board Shall meet at least twice a year.

Board of Extra Mural Studies shall perform the following functions

a) To formulate and undertake schemes of Adult or Continuing Education.

b) To arrange programmes of popular lectures at different levels in the University area.

c) To frame rules (i) for the admission of students to Adult or Continuing Education Courses (ii) for the payment of fees, if any; and (iii) for the award of certificates, etc.

d) To arrange for the writing editing and / or translation of popular books on topics of general interest provided that the financial commitments involved under Statute 160 and 161 are approved by the Syndicate.

**આ.ડૉ.નિતીન મગનલાલ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૮. વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રવેશનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. તો આ સંદર્ભમાં કુલ કેટલી સરકારી અને સ્વનિર્ભર કોલેજો હાલમાં કાર્યરત છે? અને ભવિષ્યમાં પ્રવેશની સમસ્યાના નિવારણ માટે નવી કેટલી સરકારી અને સ્વનિર્ભર વિજ્ઞાન કોલેજોની માન્યતા મળે એમ છે તેની માહિતી આપવી.

**ઉત્તર:** ૮. વિજ્ઞાન વિદ્યાશાખામાં કુલ ૯ સરકારી અને ૨૩ (ત્રેવીસ) સેલ્ફ ફાઈનાન્સ કોલેજો કાર્યરત છે. તેમજ ૯ સ્વનિર્ભર કોલેજોના જોડાણ અંગેની અરજી પરત્વે કાર્યવાહી હાલ ચાલુ છે.

## ડૉ. કે. એન. ભટ્ટે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૯. હાલમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધ્યાપકોની સજ્જતા માટે યુનિવર્સિટી તરફથી કોઈ આયોજન થયેલ છે. આ આયોજન થયેલ હોય તો તેની સમ્પૂર્ણ માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તરઃ** ૯. હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિર્ટી ખાતે અધ્યાપકોની સજ્જતા માટે યુનિવર્સિટીના કાર્યરત વિવિધ વિભાર્ગો દ્વારા સેમિનાર/કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે, તેમજ અધ્યાપકોને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ કે વર્કશોપમાં મોકલવામાં આવે છે. તબીબી વિદ્યાશાખાના અધ્યાપકોની સજ્જતા અર્થે કાર્યશાળા રાખવામાં આવેલ છે.

## ડૉ.વિનોદ બી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૦. જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડમી, ડી. બી. આઈ. એમ.ના બાંધકામ કરેલ ભવનની ઉત્તરે પણ જગ્યા ખાલી છે તથા દક્ષિણે પણ જગ્યા ખાલી પડેલ છે તો આ ખાલી જગ્યાનો વિકાસ કરવા માંગો છો કે નહીં:, કઈ રીતે કરશો?

**ઉત્તરઃ** ૧૦. હા જી, આ ખાલી જગ્યા માટે યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ વિકાસ કરવા માટેનું આયોજન કરવામાં આવશે.

## ડૉ. કે. સી. પોરીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૧. યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવેલ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળનાં અધ્યાપકોનાં પ્રમોશન માટે ઈન્ટરવ્યુ અંદાજીત કેટલા સમયમાં થનાર છે?

**ઉત્તરઃ** ૧૧. કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળના અધ્યાપકોએ કરેલ અરજીના પ્રમોશન માટે સ્ક્રૂટીની સમિતિની કાર્યવાહી પૂર્ણ થયેથી વહેલી તકે ઈન્ટરવ્યુ યોજવામાં આવશે.

## ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૨. ગત વર્ષ દરમિયાન વિવિધ વિભાગો તરફથી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ કે વર્કશોપ યોજાય હોય તો તેની વિગત જેવી કે (૧) કોન્ફરન્સનું નામ (૨) વિભાગ અને ભાગ લેનાર પાર્ટીસીપન્સની સંખ્યા.

**ઉત્તરઃ** ૧૨. <u>બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ :–</u>

– બાયોસાયન્સ વિભાગ દ્વારા (૧) "2nd National Conferance on Biological Tools for Sustainable environment " (૨) કોન્ફરન્સમાં ભાગ લેનાર પાર્ટીસીપન્સની સંખ્યા –૨૭૬ જેટલા થયેલ.

<u>ગુજરાતી ડિપાર્ટમેન્ટ :–</u>

– શ્રી ક.મા. મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર, તથા ગુજરાતી વિભાગ આયોજિત રાષ્ટ્રીય સેમિનાર વિષય : ક.મા.મુનશી સાહિત્યમાં સમાજ કુલ –૧૧૦ પાર્ટીસીપન્સ.

<u>સ્ટેટીસ્ટીકસ ડિપાર્ટમેન્ટ :–</u>

– સેમીનારનું નામ ( ૧) રોલ ઓફ સ્ટેટેસ્ટીકસ ઈન કરન્ટ સિનારીયો સેમીનારનું આયોજન કરેલ ( ૨) વિભાગનું નામઃ આંકડાશાસ્ત્ર વિભાગ અને ભાગ લેનાર પાર્ટીસીપન્સની સંખ્યા :૧૮૦.

<u>ઈંગ્લિશ ડિપાર્ટમેન્ટ :–</u>

**(A)**

(1) Name of the Conference : International Conference on "Theorizing [a] translation: Texts and Contexts"

(2) Key note Speaker : Paul St-Pierre
Adjunct Professor,
Department of Linguistics and Translation
University of Montreal, Montreal, Canada

(3) Distinguished Speakers: Frieda Ekotto
Chair, Afro American and African Studies,
Professor, Comparative Literature and Francophone Studies,
The University of Michigan,
Ann Arbor, Michigan, USA

Paul Arthur
Professor, Digital Humanities,
Director,Digital Humanities Research Group,
School of Humanities and Communication Arts, Western Sydney University, Australia

(4) Total number of Participants: 80

(B)

(1) Name of the Conference : U.G.C. International Conference on "Alfred Korzybski's Thought: Linguistic, Philosophical and Pedagogical Implications"

(2) Key note Speaker : Prafulla C. Kar
Director,
Forum on Contemporary Theory and
Balvant Parekh Center for General Semantics and Other Human Sciences, Baroda

(3) Distinguished Speakers: Lakshmi Bandlamudi
Professor of Psychology
LaGuardia Community College,
City University of New York, U.S.A.
Matt Kramer
Producer in the music industry,
Professional Mediator, U.S.A.

(4) Total number of Participants: 80

<u>કમ્પરેટીવ લીટરેચર ડિપાર્ટમેન્ટ :–</u>

| **કોન્ફરન્સનું નામ** | **વિભાગ** | **ભાગ લેનાર પાર્ટીસીપન્સની સંખ્યા** |
|---|---|---|
| Comparative Literature: Expending Horizons | તુલનાત્મક સાહિત્ય વિભાગ | ૧૦૮ |

<u>જી.સી.પી.આઈ.એ. :–</u>

અત્રેના વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો કોન્ફરન્સ અને વર્કશોપ યોજવામાં આવ્યો હતો તેની વિગત જેવી કે (૧) ૫૮મો એન્યુઅલ નાસા ૨૦૧૬ અને તે આર્કિટેકચર વિભાગ દ્વારા યોજવામાં આવ્યો હતો અને તેમાં ભાગ લેનાર ૩૦૦ જેટલી ફેકલ્ટી, જયુરી મેમ્બર, સ્પીકર્સ અને ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

<u>બેચલર ઓફ ફાઈન આર્ટ્સ :–</u>

વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં ઓકટોબર –૨૦૧૬માં ફાઈન આર્ટસ વિભાગમાં નેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧) National Workshop in Painting
National Workshop in Sculpture
National Workshop in Print Making

(૨) વિભાગના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ તથા ભારતની બીજી ફાઈનઆર્ટસની જુદી જુદી કોલેજમાંથી લગભગ ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

<u>કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ :–</u>

– ગત વર્ષ એટલે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તા.૪–૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ નેશનલ કોન્ફરન્સ "Emerging Trends in Information Technology"નુ આયોજન કરવામાં આવેલ હતુ, જેમાં ગુજરાત તેમજ અન્ય રાજયના મળી કુલ ૨૦૯ સહભાગી હતા.

– કમ્પ્યૂટર સાયન્સ વિભાગ દ્વારા ગત વર્ષ દરમ્યાન કોઈપણ આંતરરાષ્ટ્રિય કક્ષાની કોન્ફરન્સ કે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ નથી.

<u>સોસ્યોલોજી ડિપાર્ટમેન્ટ :–</u>

– યુનિવર્સિટીમાં ગત વર્ષ દરમ્યાન સોશ્યોલોજી વિભાગખાતે

૧. તા.૨૭ અને ૨૮ ઓકટોબર ૨૦૧૫ ના રોજ

**“ Understanding Women Empowerment”** વિષય પર નેશનલ સેમીનાર યોજાયેલ હતો.

૨. ભાગ લેનાર પાર્ટીસીપન્સની સંખ્યાઃ– ૭૯

<u>એમ. બી. એ. ડિપાર્ટમેન્ટ :–</u>

ગત વર્ષ દરમ્યાન થયેલ કોન્ફરન્સ, સેમીનાર વગેરેની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **કોન્ફરસનું નામ** | **વિભાગનું નામ** | **પાટીસીપન્સની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | National Conference on Emerging Trends in Gobal Business Management | ડી.બી.આઈ.એમ | ૨૦૦ |
| ૨ | UGC Sponsored Six-day FDP on Advance Data Anaysis:Tools And Techniques | ડી.બી.આઈ.એમ | ૨૮ |
| ૩ | Workshop on Data Analysis Using R-Software,March 12-13,2016 | ડી.બી.આઈ.એમ | ૨૯ |
| ૪ | Structural Equation Modeling Using IBM SPSS AMOS | ડી.બી.આઈ.એમ | ૨૦ |
| ૫ | Biostatistics using SPSS Software | ડી.બી.આઈ.એમ | ૩૦ |

## ડૉ.રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૧૩. (A) યુનિવર્સિટી અનુસ્નાતક પ્રોગ્રામના (M.Phil./Ph.D. સિવાયના) વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ સરકારી સિવાયની શિષ્યવૃત્તિઓની સંલગ્ન વિગતો સહિતની યાદી આપવા વિનંતી છે.

(B) ઉપરોક્ત યાદીમાં વિવિધ વિદ્યાશાખાઓ માટેની અલગ–અલગ જોગવાઈઓ હોય તો તેની વિગતો આપવા વિનંતી છે.

**ઉત્તર:** ૧૩. (A) અનુસ્નાતક અભ્યાસના (M.Phil./Ph.D. સિવાયના) વિદ્યાર્થીઓની સરકારી સિવાયની યુનિવર્સિટી તરફથી નીચે મુજબની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

| ક્રમ | એનાયત થતી શિષ્યવૃતિ |
|---|---|
| ૧. | મેરીટ કમ મિન્સ શિષ્યવૃત્તિ |
| ૨. | શિક્ષણ લવાજમ સહાય(ફ્રી શીપ) |
| ૩. | પ્રોત્સાહન શિષ્યવૃત્તિ |
| ૪. | ડોનર્સ શિષ્યવૃત્તિ |
| ૫. | ડાૅ. તારાબેન નારણભાઈ પટેલ મેમોરિયલ શિષ્યવૃત્તિ |

(B) ૧. મેરીટ કમ મિન્સ શિષ્યવૃતિ અનુસ્નાતકના દરેક અભ્યાસક્રમમાં મેરીટ અનુસાર આપવામાં આવે છે.

૨. શિક્ષણ લવાજમ સહાય(ફ્રી શીપ) અનુસ્નાતક દરેક અભ્યાસક્રમમાં મેરીટ અનુસાર આપવામાં આવે છે.

૩. પ્રોત્સાહન શિષ્યવૃતિ જે અભ્યાસક્રમની હાયર પેમેન્ટની ફી યુનિવર્સિટી હિસાબી વિભાગમાં જમા થતી હોય તેવા અભ્યાસક્રમમાં આપવામાં આવે છે.

૪. ડોનર્સ શિષ્યવૃતિ અંગેની જોગવાઈ નીચે મુજબ છે.

| ક્રમ | ડોનર્સનું નામ | શિષ્યવૃતિ આપવાની જોગવાઈ |
|---|---|---|
| ૧. | સ્વ. શાંતિલાલ ધીરજલાલ મહેતા શિષ્યવૃતિ | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી પ્રતિ વર્ષ માર્ચ / એપ્રિલ માસમાં લેવાનાર તૃતીય વર્ષ બી.એસસી. પરીક્ષામાં વિજ્ઞાનનો કોઈપણ વિષય લઈ પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી પ્રથમ આવનારને એનાયત કરવાની છે. |
| ૨. | શ્રી બાબુભાઈ અમરતલાલ મહેતા શિષ્યવૃતિ | જનરલ મેડીસીનનાં વિષયમાં એમ.ડી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી ફાઈનલ એમ.બી. બી.એસ. ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એક વિદ્યાર્થીને આ શિષ્યવૃત્તિ એનાયત કરવાની છે. |
| ૩. | પાંચમી ગુજરાત ઈકોનોમીકસ કોન્ફરન્સ સમિતિની શિષ્યવૃતિ | એમ. એ (ઈકોનોમીકસ) માં અભ્યાસ કરતા પૈકી બી.એ.ની પરીક્ષામાં વધુ ગુણાંક મેળવનાર અને તેની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લઈ તેમજ યુનિવર્સિટી શિષ્યવૃત્તિના નિયમ પ્રમાણે |
| ૪. | પ્રા. વી.કે.મેનન સ્મારક શિષ્યવૃતિ | પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી સ્નાતકની પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવનાર અને આર્થિક સ્થિતિ ધ્યાનમાં લઈ તેમજ યુનિવર્સિટી શિષ્યવૃત્તિનાં નિયમ પ્રમાણે |
| ૫. | હરિઓમ આશ્રમ પ્રેરિત શ્રી બબલભાઈ મહેતા ગ્રામ અભ્યાસ શિષ્યવૃતિ | ગ્રામઅભ્યાસના વિદ્યાર્થીઓ પૈકી આર્થિક સહાય જરૂરિયાતવાળા યોગ્ય વિદ્યાર્થીને તેમજ યુનિવર્સિટી શિષ્યવૃત્તિનાં નિયમ પ્રમાણે |
| ૬. | મહાત્મા ગાંધી ગ્રામ વિદ્યા અભ્યાસ શિષ્યવૃતિ | યુનિવર્સિટી શિષ્યવૃત્તિના નિયમ પ્રમાણે ગ્રામઅભ્યાસના વિધાર્થીને એનાયત કરવાની છે. |
| ૭. | શ્રી ટી.પી. લાકડાવાળા શિષ્યવૃતિ | એમ.એ. ઈકોનોમીકસનો વિષય લઈ અભ્યાસ કરનાર વિધાર્થીની આર્થિક સ્થિતિ તેમજ યુનિ. શિષ્યવૃત્તિના નિયમ પ્રમાણે |

૫. ડાૅ. તારાબેન નારણભાઈ પટેલ મેમોરિયલ શિષ્યવૃત્તિ અનુસ્નાતક અભ્યાસક્રમ સમાજશાસ્ત્ર વિષય સાથે કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

**આ.ડૉ.વિનોદચંદ્ર નવિનભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૧૪. છેલ્લા ૫ વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ રમત ગમત ક્ષેત્રે ગોલ્ડ મેડલ કે સીલ્વર મેડલ મળ્યો છે? જો હા હોય તો, કઈ રમત માટે મળ્યા છે? યુનિવર્સિટી તરફથી પ્રોત્સાહન ઈનામ આપવામાં આવે છે?

**ઉત્તર:** ૧૪. – હા જી.

– માહિતી નીચે મુજબ છે.

| Sr. No. | Name of the Game | Name of Organize University | Competition held | Year | Position |
|---|---|---|---|---|---|
| 1 | Cricket( Men) | Barkattulha University | Bopal | 2011-12 | 3rd Place |
| 2 | Tennis (Men) | V.N.S.G.University | Surat | 2013-14 | 4th Place |
| 3 | Volley Ball(Women) | Rajasthan University | Jaipur | 2013-14 | 4th Place |
| 4 | Badminton (Women) | Sagar University | Sagar | 2013-14 | 2nd Place |
| 5 | Cricket (Women) | V.N.S.G.University | Surat | 2013-14 | Quarter Final |
| 6 | Table Tennis (Men/Women) | Nagpur University | Nagpur | 2011-12 | Quarter Final |
| 7 | Badminton (Women) | R.G.P. Universit Universit | Bhopal | 2014-15 | Champion |
| 8 | Badminton (Women) | L.N.I.P.E.University | Gwalior | 2015-16 | 2nd Place |
| 9 | Volley Ball(Men) | T.I.R.P.V. University | Bhopal | 2015-16 | 3rd Place |
| 10 | Table Tennis (Men) | T.I.T. Univrsity | Bhopal | 2015-16 | 2nd Place |

– હાજી.

**આ.ડૉ.દિલીપભાઈ એલ. વરસાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૧૫. છેલ્લા પાંચ વર્ષમાં કોલેજના આચાર્યની તાલીમ અંગે કોઈ કાર્યક્રમનું આયોજન થયું છે? જો હા હોય તો તેની પાછળ થયેલ ખર્ચ સહિતની વિગતવાર માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તર:** ૧૫. – હા જી.

– માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ નોડલ ઓફિસરો માટે નીચે મુજબ વર્ષ પ્રમાણે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ના રોજ તા.૧૮/૦૩/૨૦૧૫ના રોજ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

(૨) વર્ષ ૨૦૧૫–૧૬ના રોજ તા.૦૭/૦૧/૨૦૧૬ના રોજ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

(૩) વર્ષ ૨૦૧૬–૧૭ના રોજ તા.૦૪/૧૦/૨૦૧૬ના રોજ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

## આ.ડૉ.વિનોદભાઈ ગુમાનભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૬. યુનિવર્સિટી કક્ષાએ છેલ્લા ૦૨ વર્ષમાં રમતગમત ક્ષેત્રે કયા કયા વિદ્યાર્થીઓએ, કઈ કઈ રમતોમાં પારિતોષિકો મેળવ્યા છે?

(અ) રમતોમાં પારિતોષિકો મેળવનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટીએ આર્થિક સહાય કરી છે?

(બ) જો ' હા ' તો કેટલી?

**ઉત્તરઃ** ૧૬. માહિતી નીચે મુજબ છે.

| Sr. No. | Name of the Game | Name of Organize University | Competition held | Year | Position |
|---|---|---|---|---|---|
| 1. | Badminton (Women) | L.N.I.P.E.University | Gwalior | 2015-16 | 2nd Place |
| 2. | Volley Ball(Men) | T.I.R.P.V. University | Bhopal | 2015-16 | 3rd Place |
| 3. | Table Tennis (Men) | T.I.T. Univrsity | Bhopal | 2015-16 | 2nd Place |
| 4. | Crickt (Men) | Barkattulha University | Bopal | 2016-17 | 2nd Place |
| 5. | Table Tennis (Men) | Gujarat University | Ahemdabad | 2016-17 | 3rd Place |
| 6. | Volley Ball (Men) | H.N.Guj. University | Patan | 2016-17 | 3rd Place |

(અ) અને (બ)નો ઉત્તર નીચે મુજબ છે.

– ટીમ ચેમ્પીયનની રકમ (ઝોન કક્ષાએ) એક ખેલાડી દીઠ રૂા. ૩,૦૦૦/–બીજા ક્રમે એક ખેલાડી દીઠ રૂા. ૨,૦૦૦/–

– વ્યકિતની રકમ (ઓલ ઈન્ડિયા કક્ષાએ) ગોલ્ડ મેડલને રૂા. ૧૦,૦૦૦/– ૪, સિલ્વર મેડલને રૂા.૭,૦૦૦/– અને બ્રોન્ઝ મેડલને રૂા. ૫,૦૦૦/–

સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં નીચેના ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

– કુ. સરિતા ગાયકવાડને એથ્લેટીકસ તેમજ શ્રી રાજ ભાનવાડીયાને તરણ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ પ્રોસાહન રૂપે રૂા.૧,૦૦,૦૦૦/– એક એકને ચેક દ્વારા આપવામાં આવ્યાં હતાં. તેમજ એમ. એસસી. (આઈ.ટી.)માં શ્રી રાજ ભાનવાડીયાની ફી માફ કરવામાં આવી છે.

### ડૉ. કે. સી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૭. યુનિવર્સિટીમાં " **RUSA** "હેઠળ કેટલી ગ્રાંટ પ્રાપ્ત થએલ છે? સદરહું ગ્રાંટ કયાં કયાં વાપરવામાં આવેલ છે? તેની માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૧૭. યુનિવર્સિટીમાં રૂસા હેઠળ રૂા.૧૪.૯૯ કરોડની ગ્રાન્ટ પ્રાપ્ત થયેલ છે. સદરહુ ગ્રાન્ટ Construction / Creation, Renovation/ Upgradation and Procurement of new equipment હેઠળ અનુક્રમે ૩૪.૭૨ લાખ, ૪૯.૯૮ લાખ અને ૧.૬૯ કરોડનો ખર્ચ થયેલ છે. સદરહું ગ્રાંન્ટમાંથી નવા ટોયલેટ બ્લોક બનાવવામા આવેલ છે, કેમેસ્ટ્રી વિભાગમાં લેબોરેટરી રીપેર/રીનોવેશન કરવામાં આવેલ છે તથા સમાજ વિજ્ઞાન ભવનમાં એલ્યુમિનિયમની બારી લગાડવામાં આવેલ છે તેમજ કમ્પ્યૂટર, બુકસ તથા ઈ–જર્નલ ખરીદવામાં આવેલ છે.

### શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૮. આપણી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના પરિણામ અન્ય યુનિવર્સિટીઓની વિવિધ પરીક્ષાઓના પરિણામ કરતાં વહેલાં મળે છે કે મોડા?

**ઉત્તરઃ** ૧૮. જે તે પરીક્ષાનું મૂલ્યાંકન કાર્ય પૂર્ણ થયા બાદ બનતી ત્વરાએ પરિણામ જાહેર કરવામાં આવે છે.

### ડૉ. એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૧૯. What are the various charges for renting the Convention Hall?

1.1. Are there any subsidized rates available for different classes of organizers?

1.2. Does the rent cover the cost of maintaining parking area around.

1.3. How is the maintenance of the hall undertaken?

1.4. Is there any separate committee or department to oversee the maintenance the convention hall?

**ઉત્તરઃ** ૧૯. રૂા. ૨૫,૦૦૦/– શૈક્ષણિક / સાંસ્કૃતિક કાર્યક્રમ માટે.

રૂા. ૩૫,૦૦૦/– કોમર્શીયલ કાર્યક્રમ માટે તથા નિયમ મુજબ સર્વિસ ટેક્ષ.

1.1. યુનિવર્સિટીના વિવિધ ડિપાર્ટમેન્ટ માટે રૂા.૫,૦૦૦/–.
યુનિવર્સિટી સંલગ્ન કોલેજ માટે રૂા.૧૫,૦૦૦/–.

1.2. હાલમાં પાર્કિંગ એરીયા માટે અલગથી ચાર્જ લેવામાં આવતો નથી.

1.3. જરૂરિયાત ઊભી થાય તે પ્રમાણે મરામતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

1.4. ના જી, એસ્ટેટ વિભાગના દેખરેખ હેઠળ છે.

## શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૦. યુનિવર્સિટીની માર્કશીટ અને પદવી પ્રમાણપત્રો છાપકામની કામ માટે ટેન્ડરીંગ કરવા આવેલ છે કે કેમ? છેલ્લા કયા વર્ષમાં ટેન્ડરીંગ કરવામાં આવેલ અને આ કામ માટે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધી વર્ષવાર કેટલા રૂપિયા ચુકવવામાં આવેલ છે તેની માહિતી આપશો.

**ઉત્તર:** ૨૦. હા જી,

(૧) માર્કશીટના છાપકામ કરવા અંગે સંને ૨૦૧૩–૧૪ના વર્ષ માટે ટેન્ડરીંગ કરી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધી ઓર્ડર આપવામાં આવેલ હતો. ત્યારબાદ નાણાસમિતિની તા.૧૪/૧૧/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ તેમજ સિન્ડિકેટની તા.૦૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી રીપીટ ઓર્ડર કરવામાં આવેલ હતો. અને સંને ૨૦૧૬–૧૭ ના વર્ષ માટે નાણાસમિતિની તા.૦૬/૦૮/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ તેમજ સિન્ડિકેટની તા.૦૨/૦૯/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી માર્કશીટના છાપકામ કરવા અંગે રીપીટ ઓર્ડર આપવામાં આવેલ છે.

(૨) પદવી પ્રમાણપત્રોના છાપકામ કરવા અંગે ટેન્ડરીંગ કરી સંને ૨૦૧૩ થી ત્રણ વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે. તેમજ સંને ૨૦૧૬–૧૭ ના વર્ષ માટે નાણાસમિતિની તા.૦૬/૦૮/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ તેમજ સિન્ડિકેટની તા.૦૨/૦૯/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી પદવી પ્રમાણપત્રોના છાપકામ કરવા અંગે રીપીટ ઓર્ડર આપવામાં આવેલ છે.

(૩) યુનિવર્સિટીની માર્કશીટ અને પદવી પ્રમાણપત્રોના છાપકામ માટે વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૧૫–૧૬ સુધીમાં અનુક્રમે (લાખમાં) રૂ.૨૫.૮૨–૮.૬૪, ૩.૫૭–૮.૦૭, ૩૬.૨૦ –૧૬.૧૧ તથા ૮૭.૯૪– ૧૬.૧૧ ની ચૂકવણી કરવામાં આવેલ છે.

## ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૧. યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજનાં વિદ્યાર્થીઓ માટે કોઈ વિશેષ રાહત કે વિનામૂલ્યે આપવાની જોગવાઈ છે?

**ઉત્તર:** ૨૧. હા જી, કન્વેન્શન હોલ વિશેષ રાહત તરીકે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટને રૂ. ૫,૦૦૦/– અને સંલગ્ન કોલેજ પાસેથી રૂ.૧૫,૦૦૦/– ભાડું વસુલવામાં આવે છે.

## આ. ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૨. છેલ્લા પાંચ વર્ષમાં રમત ગમત ક્ષેત્રે આંતર યુનિવર્સિટી રમતોમાં ખર્ચ થયેલ છે? ખર્ચ થયેલ હોય તો તેની રમતવાર તમામ ખર્ચની માહિતી આપવા વિનંતી.

**ઉત્તર:** ૨૨. – હા જી,

– છેલ્લા પાંચ વર્ષમાં રમત ગમત ક્ષેત્રે આંતર યુનિવર્સિટી જુદી જુદી રમતોમાં થયેલ ખર્ચની માહિતીનું પત્રક આ સાથે **પરિશિષ્ટ: ' ૩ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ૩ ')**

## ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્નઃ** ૨૩. યુનિવર્સિટીમાં સમાજમાં / શહેરમાં કાર્યરત સંસ્થાઓના સહયોગથી શૈક્ષણિક તથા અન્ય પ્રકારના કાર્યક્રમો કરવામાં આવે છે? આ પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવતા હોય તો છેલ્લાં ત્રણ વર્ષની વિગત આપશો. વિગતવાર માહિતી આપવી.

**ઉત્તરઃ** ૨૩.

૧. તા.૧૯/૭/૨૦૧૪ના રોજ ફેમિકોન–૧૪ સ્ત્રી સશકિતકરણ અને બેટી વધાવો કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને દામિની સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યું.

૨. તા.૦૯/ ૦૮/ ૨૦૧૫ ના રોજ ફેમિકોન – ૧૫ સ્ત્રી સશકિતકરણ અને બેટી વધાવો કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને દામિની સંસ્થા તેમજ સુરત મહાનગર પાલિકા, સુરતના સહયોગથી કરવામાં આવ્યું.

૩. તા.૦૯/૦૮/૨૦૧૫ના રોજ ફેમિકોન–૧૬ સ્ત્રી સશકિતકરણ અને બેટી વધાવો કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને દામિની સંસ્થા તેમજ સુરત મહાનગર પાલિકા, સુરતના સહયોગથી કરવામાં આવ્યું.

૪. સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્સ સેન્ટર, સુરત અને વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સંયુકત ઉપક્રમે તા.૦૬/૧૦/૨૦૧૬ના રોજ રકતદાન જનજાગૃતિ યુવા રેલી અને સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

૫. ડોનેટ લાઈફ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા.૨૭/૧૧/ ૨૦૧૬ ના "ઈન્ડિયન ઓર્ગન ડોનેશન ડે" નિમિત્તે ડોનેટ લાઈફ અંગે રેલીનું આયોજન કરવામાં આવ્યું.

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં MHRD, New Delhi દ્વારા તારીખઃ ૦૬–૧૨–૨૦૧૩ ના રોજ નવીન Centrally Sponsored Scheme (CSS) **"Rashtriya Uchchatar Shiksha Abhiyan (RUSA)" અંગે માર્ગદર્શન કેમ્પ.**

૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં તારીખઃ ૦૮–૦૨–૨૦૧૪ ના રોજ નેશનલ ટ્રેઈનીગ એન્ડ કન્સલટન્સી, સુરત ધ્વારા વિદ્યાર્થીઓના હિતમાં એક ટ્રેઈનીગ પ્રોગ્રામનું આયોજન કરેલ હતું. જેમાં વિદ્યાર્થીઓમાં Effective Communication Skills, Public Speaking, Interview Winning Skills અને Presentation Skills નું માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં તારીખઃ ૧૯–૦૯–૨૦૧૪ ના રોજ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડની અંગે આરોગ્ય જાગૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગના સેમિનાર હોલમાં અર્થશાસ્ત્ર વિભાગ તથા ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન્સ, ગુજરાતના સંયુકત ઉપક્રમે તારીખઃ ૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ 'વસ્તી ગણતરી–૨૦૧૧' ની માહિતી પ્રચા–પ્રસાર વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું.

૧૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામ તેમજ જેન્ડર રિસોર્સ સેન્ટર અમદાવાદના સહયોગથી MSW Sem.I & III ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય "જેન્ડર સેન્સીટીવીટી" પર કાર્યશાળાનું આયોજન તારીખઃ ૨૭–૦૮–૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ હતું.

૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક અભ્યાસક્રમના Sem IV 2014 ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ધ્વારા Job Placement Campus Interview નું આયોજન તારીખઃ ૨૧–૦૭–૨૦૧૪ ના રોજ રાખેલ જેમાં ૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

૧૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ મંડળ, સુરતના ઉપક્રમે "વિકસિત ભારત કે લીયે શિક્ષા નીતિ" વિષય પરનું "પ્રબોધન" તારીખઃ ૨૬/૧૨/૨૦૧૪ થી ૨૮/૧૨/ ૨૦૧૪ દરમ્યાન યુનિવર્સિટીના કમ્પ્યુટર સાયન્સના સભાગૃહમાં યોજવામાં આવેલ હતું.

૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સુરત મહાનગર પાલિકાના સયુક્ત ઉપક્રમે તા: ૧૦/૦૧/૨૦૧૫ના રોજ થી બુક–મૂવી–રીવ્યૂનું આયોજન કરવામાં આવેલ છે.

૧૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના Department of Economics અને Studies for woman centerના સંયુક્ત ઉપક્રમે તાઃ૨૦/૦૧/૨૦૧૫ના રોજ નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

૧૫. ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયના મરીન પ્રોડ્કટ્સ એક્સ્પોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી (MPEDA) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એકવેટિક બાયોલોજી વિભાગના સંયુકત ઉપક્રમે તારીખઃ૦૬/૦૪/૨૦૧૫ થી ૧૦/૦૪/૨૦૧૫ સુધી "ઇકો ફ્રેન્ડલી એન્ડ સસ્ટેનેબલ શિમ્પ્ર ફાર્મિંગ" વિષય પર તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ અને ઇન્ડિયન ફીઝીક્સ એસોસીએશન સુરતનાં સયુક્ત ઉપક્રમે નેશનલ કેમીકલ લેબોરેટરી,પુનાના સીનીયર સાયન્ટીસ્ટનું વ્યાખ્યાન યોજાયેલ હતું.

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ચેમ્બર ઓફ કોમર્સ લેડિઝ વીંગ, જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ અને આશિર્વાદ કેળવણી ચેરિટેબલ ટ્રસ્ટ દ્રારા તાઃ૨૪/૦૫/૨૦૧૫ ના રોજ નેશનલ વિમેન્સ કોન્કલેવ યોજવામાં આવ્યું હતું.

૧૮. સુરત મહાનગરપાલિકા, ચેમ્બર ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત જિલ્લા ઉધોગ કેન્દ્ર અને રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે તાઃ૦૧/૦૬/૨૦૧૫ ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે ઔધોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦૦ યુવાનોએ ભાગ લીધો હતો.

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને આઇ.સી.એ.આઇ નવી દિલ્હીના માર્ગદર્શન હેઠળ તાઃ૧૮/૦૭/૨૦૧૫ થી તાઃ૧૯/૦૭/૨૦૧૫ દરમ્યાન "નેશનલ કોન્ફરન્સ ઓન ટેક્ષેશન-૨૦૧૫"નું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સોસિયોલોજી વિભાગ અને ICSSR ના સંયુક્ત ઉપક્રમે તાઃ૨૭/૧૦/૨૦૧૫ ના રોજ "Understanding Women Empowerment" વિષય પર નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્થાપનાના ૫૦મા વર્ષના અવસરે સુરત ડિસ્ટ્રિકટ બાસ્કેટબોલ એસોસિયેશન અને યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા:૧૭/૧૨/ ૨૦૧૫ થી તાઃ૨૦/૧૨/૨૦૧૫ દરમ્યાન બાસ્કેટ્બોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૨. શ્રી પરમહંસ ગણેશ નારાયણ સેવા સમિતિ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તાઃ૨૬/૦૧/૨૦૧૬ના રોજ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિટેક્ચર અને નેશનલ એસોસિયેશન ઓફ સ્ટુડન્ટ ઓફ આર્કિટેક્ચર દ્રારા તાઃ૩૧/૦૧/૨૦૧૬ થી તાઃ૦૫/૦૨/૨૦૧૬ દરમ્યાન નાસાની ૫૮મી નેશનલ કોન્ફરન્સના ભાગરૂપે ભારતભરમાંથી ૨૫૦૦ જેટ્લાં વિર્ઘાર્થીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત

યુરોપ,દુબઇ અને ચીન જેવાં દેશોમાંથી એક્ષ્પર્ટ આર્કિટેકટ આવ્યા હતા.

૨૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત મહાનગરપાલિકા અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ૭૫ વર્ષની સંયુકત ઉજવણીના ભાગરૂપે તાઃ૧૯/૦૫/ ૨૦૧૬ થી ૨૨/૦૫/૨૦૧૬ દરમ્યાન "સ્માર્ટ એજયુકેશન એક્ષ્પો" નું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રાષ્ટ્રીય આયોગ સેવા દ્વારા તાઃ૨૨/૦૮/ ૨૦૧૬ના રોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.

૨૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સેવા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્મે ભારતના શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના ઉદેશ્યથી તાઃ૦૨/૧૦/૨૦૧૬ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલમાં "એક શામ શહિદો કે નામ" વીરાંજલિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

૨૭. સુરત સાઉથ ગુજરાત પ્રોડકટ્વીટી કાઉન્સીલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને એસ.બી.આઇ લાઈફ્ના સંયુક્ત ઉપક્મે તાઃ૨૫/૧૨/૨૦૧૬ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલમાં ડિજિટલ ટ્રાન્ઝેકશન અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

૨૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને Greenity India ના સંયુક્ત ઉપક્મે તાઃ૧૭/૦૨/૨૦૧૭ ના રોજ યુનિવર્સિટી કેમ્પસમાં અનુસ્નાતક વિર્ધાર્થીઓ અને શાળાના વિર્ધાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

૨૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સુરતના સંયુક્ત ઉપક્મે તાઃ૧૮/૦૨/૨૦૧૭ના રોજ નેશનલ યુથ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ધી સર્ધન ગુજરાત ચેમ્બર કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્મે તાઃ૦૫/૦૩/૨૦૧૭ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે NATIONAL WOMEN CONCLAVE-2017 નું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્ટેટેટિક્સ વિભાગ, જે.જેડ.શાહ આર્ટસ અને એચ.પી.દેસાઇ કોર્મસ કોલેજ અમરોલી જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી IQAC સંચાલિત તાઃ૦૫/૦૩/૨૦૧૭ ના રોજ J.Z.Shah and H.P.Desai Commerce Amaroli college ખાતે ROLE OF STATASTICS IN RESERCH વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

## આ.ડૉ.હેમાલીબહેન અરૂણભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૪. (અ) વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાએ રમતના આ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિધ્ધિઓ જણાવવા વિનંતી.

(બ) રા.કક્ષાએ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને કોઈ વિશિષ્ટ લાભો આપવામાં આવે છે?

**ઉત્તર:** ૨૪. (અ)

| Sr. No. | Name of the Players | Name of Tournament | Year | Organised by Place | Secured |
|---|---|---|---|---|---|
| 1. | Kum. Sarita Gaykwad | All India Inter University Athletics Meet | 2016-17 | Anna Uni., Coimature | One Gold Medal |
| 2. | Mr. Raj Bhanvadiya | All India Inter University Swimming Competition | 2016-17 | Punjab Uni., Chandigardh | 2 Gold & 1 Silver & 1 Bronze Medal |
| 3. | Volley Ball (Men) | West Zone | 2016-17 | H.N.Guj. Uni., Patan | 3rd Place |
| 4. | Cricket (Men) | West Zone / All India | 2016-17 | Barktullah Uni., Bhopal | 2nd Place All India Chempion |
| 5. | Table – Tennis (Men) | West Zone | 2016-17 | Gujarat Uni., Ahmedabad | 3rd Place All India Qualified |

(બ) રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવનાર ખેલાડીઓ અને ટીમને રોકડ પુરસ્કાર અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં ભણતા વિદ્યાર્થીને તેઓને ટ્યુશન ફી સિન્ડિકેટને મંજૂરી લઈ માફ કરવામાં આવે છે.

સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં નીચેના ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

– કુ. સરિતા ગાયકવાડને એથ્લેટીકસ તેમજ શ્રી રાજ ભાનવાડીયાને તરણ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ પ્રોસાહન રૂપે રૂા.૧,૦૦,૦૦૦/– પ્રત્યેકને ચેક દ્વારા આપવામાં આવ્યાં હતાં. તેમજ એમ.એસસી. (આઈ.ટી.)માં શ્રી રાજ ભાનવાડીયાની ફી માફ કરવામાં આવી છે.

## આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૫. યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ શોપિંગ સેન્ટરના ડેવલપમેન્ટ માટે કોઈ આયોજન છે કે કેમ? જો હોય તો વિસ્તૃત માહિતી આપવા વિનંતી.

**ઉત્તર:** ૨૫. – હા જી,

– સુવિધા કેન્દ્રનું ડેવલપમેન્ટ માટે આયોજન કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓની જરૂરીયાત મુજબની સુવિધા માટેનું આયોજન કરવામાં આવશે.

## ડૉ. કે. એન. ભટ્ટે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૬. હાલમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં મેડીકલ વિદ્યાશાખામાં સ્કીલ ડેવલપમેન્ટને લગતા કોઈ સર્ટીફીકેટ કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે જેથી યુવા વર્ગને ટેકનીકલ જોબ માટે ઉપયોગી થાય તેની જો હા હોય તો તેની સમ્પૂર્ણ માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તર:** ૨૬. ના જી.

## ડૉ.વિનોદ બી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૭. જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડમીનું મકાન યુનિવર્સિટીના પૂર્વ વિભાગમાં, નહેરની પણ પૂર્વ વિભાગમાં આવેલ છે. ત્યાંથી યુનિવર્સિટીમાં આવવા કે વિભાગમાં જવા માટે હાલમાં ખૂબ લાંબો રસ્તો પસાર કરવો પડે છે. તો આ વિભાગમાં આવવા કે જવા માટે યુનિવર્સિટીની પૂર્વ વિભાગની દિવાલમાં દરવાજો બનાવીને, રસ્તો બનાવીને સગવડ ઉભી કરવા માંગો છો? કઈ રીતે કરશો?

**ઉત્તર:** ૨૭. દિવાલમાં દરવાજો બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. રસ્તો બનાવવાની સગવડ આવવા જવા માટે અનુકૂળ થાય તે રીતે ઊભી કરી શકાય એમ છે.

## ડૉ. કે. સી. પોરીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૮. હાલમાં કાર્યરત થયેલ સાયન્ટીફીક ઈન્સ્ટ્રુમેન્ટ સેન્ટરનાં વિકાસ માટે શું આયોજન છે?

**ઉત્તર:** ૨૮. આ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટ સેન્ટરમાં અલગ અલગ પ્રકારના વૈજ્ઞાનિક ઉપકરણો મૂકી લેબોરેટરીઓ શરૂ કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં જરૂરિયાત મુજબના વૈજ્ઞાનિક ઉપકરણો વસાવી વધુ સુવિધા પૂરી પાડવામાં આવશે.

## ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૨૯. ગત વર્ષ દરમિયાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખેલકૂદ કે સાંસ્કૃતિક ક્ષેત્રે સિધ્ધિ મેળવી હોય એની વિગત અને આવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા અપાયેલ કોઈ પણ પુરસ્કારની વિગત.

**ઉત્તર:** ૨૯. હા જી.

| Sr. No. | Name of the Game | Name of Organize University | Competition held | Year | Position |
|---|---|---|---|---|---|
| 1 | Badminton (Women) | L.N.I.P.E.University | Gwalior | 2015-16 | 2nd Place |
| 2 | Volley Ball(Men) | T.I.R.P.V. University | Bhopal | 2015-16 | 3rd Place |
| 3 | Table Tennis (Men) | T.I.T. Univrsity | Bhopal | 2015-16 | 2nd Place |
| 4 | Sarita Gayakwad (Athletics) | Panjab University | Patiyala | 2015-16 | Silver Medal |
| 5 | Murli Gavit (Cross Country) | Manglore University | Maglore | 2015-16 | Silver Medal |
| 6 | Kishan Parki (Taekwondo) | Kurukshetra University | Kurukshetra | 2015-16 | Bronze Medal |

- ટીમ ચેમ્પિયનની રકમ (ઝોન કક્ષાએ) એક ખેલાડી દીઠ રૂ.૩,૦૦૦/–, બીજા ક્રમે એક ખેલાડી દીઠ રૂ.૨,૦૦૦/–.
- વ્યકિતની રકમ (ઓલ ઇન્ડિયા કક્ષાએ) ગોલ્ડ મેડલને રૂ.૧૦,૦૦૦/– ૪, સિલ્વર મેડલને રૂ.૭,૦૦૦/– અને બ્રોન્ઝ મેડલને રૂ.૫,૦૦૦/–.

## ડૉ.રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્નઃ** ૩૦. (A) યુનિવર્સિટીના M.Phil. તથા Ph.D. પ્રોગ્રામના વિદ્યાર્થીઓ માટે સરકારી સિવાયની શિષ્યવૃત્તિઓની સંલગ્ન વિગતો સહિતની આપવા વિનંતી છે.

(B) ઉપરોકત યાદીમાં વિવિધ વિદ્યાશાખાઓ માટેની અલગ–અલગ જોગવાઈઓ હોય તો તેની વિગતો આપવા વિનંતી છે.

**ઉત્તરઃ** ૩૦. (A) યુનિવર્સિટીના **M.Phil** તથા **Ph.D.** પ્રોગ્રામના વિદ્યાર્થીઓ સરકારી સિવાયની યુનિવર્સિટી તરફથી નીચે મુજબની શિષ્યવૃતિ આપવામાં આવે છે.

| **ક્રમ** | **એનાયત થતી શિષ્યવૃતિ** |
|---|---|
| ૧. | એમ.ફીલ. સંશોધન શિષ્યવૃત્તિ |
| ૨. | પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ઼ |

(B) એમ.ફીલ./પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ દરેક વિદ્યાશાખામાં સંશોધન કરતા સંશોધનાર્થીઓને મેરીટ અનુસાર આપવામાં આવે છે.

## આ.ડૉ.વિનોદચંદ્ર નવિનભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્નઃ** ૩૧. છેલ્લા ૫ વર્ષમાં શૈક્ષણિક ક્ષેત્રે નવા પારિતોષિક જાહેર થયેલા છે? જો હા હોય તો કયા વિષયમાં? કોના નામથી અને કેટલા રૂપિયા? તેની વિગતવાર માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૩૧. યુનિવર્સિટીના શૈક્ષણિક ક્ષેત્રે જાહેર થયેલ નવા પારિતોષિકની માહિતી નીચે મુજબ છે.

| **દાતાશ્રીનું નામ** | **પારિતોષિક** | **રકમ** |
|---|---|---|
| શ્રી જયેશ જે. દેસાઈ | શ્રીમતી રેણુકાબેન જયેશભાઈ દેસાઈ બીલીબ. પારિતોષિક | ૫૦૦૦૦ |
| શ્રી જયેશ જે. દેસાઈ | શ્રીમતી રેણુકાબેન જયેશભાઈ દેસાઈ એમલીબ. પારિતોષિક | ૫૦૦૦૦ |
| શ્રી ડો. મહેશ એન. શાહ | સ્વ. પ્રિ.એન.એમ.શાહ એમ.એસસી. મેથ્સ પારિતોષિક (૧૯૩૦–૧૯૫૦) | ૧૨૫૦૦૦ |

**આ.ડૉ.દિલીપભાઈ એલ. વરસાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૩૨. યુનિવર્સિટીના જુદા–જુદા અનુસ્નાતક વિભાગો મળીને છેલ્લા પાંચ વર્ષમાં સંશોધનક્ષેત્રે યુનિવર્સિટી દ્વારા કોઈ ખર્ચ થયેલ છે? જો 'હા' હોય તો કેટલો ખર્ચ થયેલ છે? તેની વિગતવાર માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તર:** ૩૨. **માહિતી નીચે મુજબ છે.**

કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટ :–

– **યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં યુ.જી.સી.,ન્યુ દિલ્હી તરફથી ફાળવેલ મેજર રિસર્ચ પ્રોજેકટ માટે રૂા.૩,૧૫,૩૮૨/– નો ખર્ચ થયેલ છે.**

એકવેટીક બાયોલોજી ડિપાર્ટમેન્ટ :–

| Name of Project | Duration | Santioned Amount Rs. | Sponsored Agency | Expenditure Amount Rs. |
|---|---|---|---|---|
| 'Utility the Treated Waste Water of ONGC, Hazira plant for Aquaculture of Agriculture Use' (Dr.Mohini Gadhia) | 2009-12 | 6,00,000/- | ONGC, Surat | 5,68,673/- |
| 'Examining the pollution level and biodiversity in mindhola river'. First phase (Dr.Kapila Manoj) | 2014 | 4,16,000/- | UNDER NRCP,2014 (SMC, Surat) | 4,16,000/- |

**આ.ડૉ.વિનોદભાઈ ગુમાનભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૩૩. વર્ષ : ૨૦૧૬માં શિક્ષણ વિદ્યાશાખામાં કેટલા નવા માર્ગદર્શકો બન્યા?

(અ) નવા માર્ગદર્શકોના નામો જણાવો.

(બ) દરેક નવા માર્ગદર્શકોને ફાળવેલ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની સંખ્યા જણાવો.

(ક) માર્ગદર્શકની માન્યતાનો યુનિવર્સિટીનો પત્ર હોય છતાં વિદ્યાર્થી નહિ ફાળવ્યા હોય એવું બન્યું છે?

(ડ) જો ' હા ' તો એવાં માર્ગદર્શકશ્રીનું નામ જણાવો.

**ઉત્તર:** ૩૩. વર્ષ : ૨૦૧૬માં શિક્ષણ વિદ્યાશાખામાં એક(૧) નવા માર્ગદર્શક બનેલ છે.

(અ) ડૉ.કિન્નરીબેન બી. પટેલ

(બ) તા. ૧૧ ડિસેમ્બર,૨૦૧૫ના રોજ પ્રવેશ જાહેરાત થયા બાદ શિક્ષણ વિષયના પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં નવા માર્ગદર્શક શિક્ષકને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની ફાળવણી થયેલ નથી.

(ક) હાજી.

(ડ) ઉપરોકત ઉત્તર (અ) મુજબ.

**ડૉ. કે. સી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૪. યુનિવર્સિટીમાં અત્યાર સુધી કેટલી પેટન્ટ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે? જેની વિગત આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૩૪. ભૌતિકશાસ્ત્ર વિભાગ ધ્વારા સંશોધન વિદ્યાર્થીનિ ધ્વારા ઇન્ટેલેકયુચ્યુલ પ્રોપર્ટી, ઈન્ડિયામાં પેટન્ટ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. આ અંગેની નોંધ **Official Journal of the Patent office**ની વેબસાઈટ **www.patent office.nic.in** પર મૂકવામાં આવેલ છે.

**શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૫. યુનિવર્સિટીમાં નવા રોડ બનાવવામાં કેટલો ખર્ચ થયેલ છે?

**ઉત્તરઃ** ૩૫. યુનિવર્સિટીમાં ચાલુ વર્ષ દરમ્યાન રોડ માટે રૂા.૨.૨૩ કરોડનો ખર્ચ થયેલ છે.

**ડૉ. એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૬. What is the process of evaluating minor projects submitted by the various faculties of the different departments?

2.1. In the last two academic years how many of them have been evaluated?

2.2. What is the mode of funding these minor projects?

2.3. When was the last funding for the project made?

**ઉત્તરઃ** ૩૬. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક કર્મચારીઓના માઈનોર રિસર્ચ પ્રોજેકટના મૂલ્યાંકન માટે Research Cell ની રચના કરવામાં આવેલ છે.

2.1: માઈનોર રિસર્ચ અંગે ફાળવવામાં આવેલ ફંડ પૂર્ણ થયેલ હોવાથી, છેલ્લા બે વર્ષ દરમ્યાન Research Cell દ્વારા કોઈપણ પ્રોપોજલનું નિરીક્ષણ કરવામાં આવ્યું નથી.

2.2: Research Cell દ્વારા માઈનોર રિસર્ચ પ્રોજેકટનું નિરીક્ષણ કરી, સમિતિએ નકકી કરેલ ફંડ ફાળવવામાં આવે છે.

2.3: Research Cell દ્વારા તા.૦૧–૦૪–૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે.

**શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૭. યુનિવર્સિટીના હંગામી ધોરણે કરાર આધારિત કર્મચારીઓને P.F. આપવામાં આવે છે કે કેમ? જો ન આપવામાં આવતું હોય તો તે માટે શું આયોજન છે?

**ઉત્તરઃ** ૩૭. ના જી, બાબત સક્ષમ સત્તામંડળો સમક્ષ રજૂ કરવામાં આવનાર છે.

**ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૮. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં ખાસ કરીને કામકાજનાં દિવસોએ પ્રવૃત્તિ માટે અન્ય સંસ્થાઓને ભાડે આપવામાં આવે છે તેથી વિદ્યાર્થીઓનાં શિક્ષણકાર્યમાં અગવડ પડે છે ખરી?

જો 'હા' હોય તો એમાં નિવારણ માટે વિચારણા કરી શકાય?

**ઉત્તરઃ** ૩૮. સ્પોર્ટસ કોમ્પલેક્ષ અન્ય સંસ્થાઓને ભાડે આપામાં આવતું નથી. માત્ર ક્રિકેટ ગ્રાઉન્ડ શનિવાર, રવિવાર અને અન્ય જાહેર રજાઓમાં ભાડે આપવામાં આવે છે.

**આ. ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૯. છેલ્લા પાંચ વર્ષમાં સાંસ્કૃતિક ક્ષેત્રે ઈન્ટર યુનિવર્સિટી પાછળ ખર્ચ થયેલ છે? ખર્ચ થયેલ હોય તો તેની છેલ્લા પાંચ વર્ષની વિગતવાર માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૩૯. હાજી, વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન સાંસ્કૃતિક ક્ષેત્રે ઈન્ટર યુનિવર્સિટી પાછળ રૂા.૨૫.૨૬ લાખનો ખર્ચ થયેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં સાંસ્કૃતિક ક્ષેત્રે આંતર યુનિવર્સિટી કક્ષાએ ટીમ મોકલવામાં આવી નથી. સને ૨૦૧૬–૧૭ના વષમાં વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં ભાગ લેવા માટે ટીમ મોકલવામાં આવી હતી.

**ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૪૦. વિશિષ્ટ સિધ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીએ કોઈ આયોજન કર્યુ છે? જો હા હોય તો વિગતવાર માહિતી આપશો.

**ઉત્તરઃ** ૪૦. હા જી, રમતગમત ક્ષેત્રે આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર ખેલાડીઓ અને ટીમને રોકડ પુરસ્કાર અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં ભણતા વિદ્યાર્થીને તેઓને ટયુશન ફી સિન્ડિકેટને મંજૂરી લઈ માફ કરવામાં આવે છે. સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં નીચેના ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

– કુ. સરિતા ગાયકવાડને એથ્લેટીકસ તેમજ શ્રી રાજ ભાનવાડીયાને તરણ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ પ્રોસાહન રૂપે રૂા.૧,૦૦,૦૦૦/– એક એકને ચેક દ્વારા આપવામાં આવ્યાં હતાં. તેમજ એમ.એસસી. (આઈ.ટી.)માં શ્રી રાજ ભાનવાડીયાની ફી માફ કરવામાં આવી છે.

**આ.ડૉ.હેમાલીબહેન અરૂણભાઈ દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૪૧. કોન્વોકેશન માટે યુનિવર્સિટી કોઈ ડ્રેસ કોડ રાખવાની વ્યવસ્થા વિચારે છે?

**ઉત્તરઃ** ૪૧. ના જી.

### આ.ડૉ.દિલીપભાઈ એલ. વરસાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૪૨. છેલ્લા પાંચ વર્ષમાં યુનિવર્સિટીને બાંધકામ તેમજ અન્ય ક્ષેત્રમાં દાતાઓ તરફથી કોઈ દાન મળેલ છે? જો 'હા' હોય તો દાનની કેટલી રકમ મળેલ છે? જેની વિગતવાર માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તરઃ** ૪૨. હા જી, છેલ્લા પાંચ વર્ષમાં યુનિવર્સિટીને બાંધકામ તેમજ અન્ય ક્ષેત્રમાં દાતાઓ તરફથી મળેલ દાનની વિગત આ સાથે **પરિશિષ્ટઃ ' ૪ '** તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટઃ ' ૪ ')**

### ડૉ. કે. સી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૪૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં કેટલી નવી સરકાર માન્ય અને સેલ્ફ ફાયનાન્સ વિજ્ઞાન કોલેજોને માન્યતા આપવામાં આવી છે? અને ૨૦૧૭–૧૮ના વર્ષ માટે કેટલી વિજ્ઞાન કોલેજોની માન્યતા મેળવવા માટે અરજીઓ આવેલ છે?

**ઉત્તરઃ** ૪૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માં ૪ (ચાર) નવી સરકાર માન્ય અને ૪ (ચાર) સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને માન્યતા આપવામાં આવી છે. અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષ માટે કુલ ૯ કોલેજોએ માન્યતા મેળવવા માટે અરજી કરેલ છે.

### શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૪૪. યુનિવર્સિટીના કેટલા ખેલાડીઓ ઝોનલ અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનેલ છે તેની વિગતો આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૪૪. યુનિવર્સિટીના કેટલા ખેલાડીઓ ઝોનલ અને રાષ્ટ્રીયકક્ષાએ વિજેતા બનેલ છે તેની વિગતો આ સાથે **પરિશિષ્ટ : ' ૫ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ૫ ')**

### ડૉ. એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૪૫. When the grant in aid departments and Self-Financed Departments make any purchases after the due process is followed who is responsible for deducting the tax at source on the payments made? Is it the Head of the Department or the Accounts section? Kindly give the administrative set up for the same.

**ઉત્તરઃ** ૪૫. બીલના ચૂકવણા સમયે ટી.ડી.એસની કપાત સંદર્ભે સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કિસ્સામાં કો–ઓર્ડિનેટર અને હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટની જવાબદારી રહે છે.

### શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

**પ્રશ્નઃ** ૪૬. યુનિવર્સિટીના સ્ટેટયુટ મુજબ સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની રચના કેટલા વર્ષોથી કરવામાં આવેલ નથી અને શા માટે? આ અગાઉ આ બોર્ડની મીટીંગ કયારે મળી હતી?

**ઉત્તરઃ** ૪૬.
- સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની રચના છેલ્લા ૧૧ વર્ષથી કરવામાં આવે છે. આ સાથે સને ૨૦૦૧ થી ૨૦૦૩, ૨૦૦૪ થી ૨૦૦૬, ૨૦૧૦ થી ૨૦૧૨, ૨૦૧૩ થી ૨૦૧૫, ૨૦૧૬ થી ૨૦૧૮નું સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની રચના કરેલ તેનું લિસ્ટ સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવેલ હતું.
- ૨૦૦૧ થી ૨૦૧૭ સુધીમાં જે બોર્ડ મળી તેની કાર્યવાહી નીચે મુજબ છે.

  સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની સભાની કાર્યવાહીની તારીખ

  તા. ૨૦/૮/૧૯૯૯
  તા. ૫/૪/૨૦૦૨
  તા. ૨૭/૬/૨૦૦૩
  તા. ૧૩/૧૨/૨૦૦૪
  તા. ૩/૯/૨૦૦૫
  તા. ૯/૩/૨૦૧૭

**ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૪૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલની રૂમ સુવિધા પૂરતી છે?

**ઉત્તર:** ૪૭. હા જી.

**ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૪૮. યુનિવર્સિટીએ કેશલેસ વ્યવહાર માટે અને વિદ્યાર્થીઓને તકલીફ ન પડે તેના માટે કોઈ આયોજન કર્યુ હોય તો તેની વિગત આપશો.

**ઉત્તર:** ૪૮. યુનિવર્સિટીએ કેશલેસ વ્યવહાર માટે યુનિવર્સિટીના તમામ આર્થિક વ્યવહારો બેંકીગ સેકટર મારફત શરૂ કરવામાં આવેલ છે.

**આ.ડૉ.દિલીપભાઈ એલ. વરસાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૪૯. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આપણી યુનિવર્સિટીને પરીક્ષા ફીની કેટલી આવક અને કેટલી જાવક (રૂ.માં) થયેલ છે? તેની વિગતવાર માહિતી આપવા વિનંતી છે.

**ઉત્તર:** ૪૯. યુનિવર્સિટીની પરીક્ષાની છેલ્લા પાંચ વર્ષની આવક–જાવક અંગેની માહિતી નીચે મુજબ છે.

(કરોડમાં)

| ક્રમ | વર્ષ | આવક | જાવક |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૧–૧૨ | રૂા.૭.૯૨ | રૂા.૬.૮૯ |
| ૨. | ૨૦૧૨–૧૩ | રૂા.૧૩.૯૩ | રૂા.૮.૨૭ |
| ૩. | ૨૦૧૩–૧૪ | રૂા.૧૬.૬૮ | રૂા.૧૧.૩૦ |
| ૪. | ૨૦૧૪–૧૫ | રૂા.૨૦.૫૮ | રૂા.૧૫.૯૬ |
| ૫. | ૨૦૧૫–૧૬ | રૂા.૧૬.૪૮ | રૂા.૧૬.૩૬ |

**શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૫૦. સુપરવિઝનની રકમ યુનિવર્સિટીની પરીક્ષાનું મહેનતાણું પ્રશ્નપત્રના કલાક પ્રમાણે છે કે નહી અને જો કલાક પ્રમાણે હોય તો કેટલું અને તેમા કોઈ સુધારણાની યોજના છે.

**ઉત્તર:** ૫૦. પરીક્ષા વર્ગ નિરિક્ષણની કામગીરીનુ મહેનતાણું સત્ર પ્રમાણે પ્રતિ સત્રદીઠ રૂા.૧૦૦/– છે.

**ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૫૧. આ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની સગવડનો પૂરતી સવલતો જેવી કે કોમન રૂમ, ગરમ પાણી, પીવાના ઠંડા પાણી, રીડીગ રૂમ કે Recreation માટે કોઈ વિચારણા કરેલ છે? **(પ્રશ્ન : ૪૭ મુજબ)**

**ઉત્તર:** ૫૧. હા જી, ગરમ પાણી માટે સોલાર વોટર હીટર નાંખવાની યોજના વિચારાધીન છે.

**ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૫૨. યુનિવર્સિટી લાઈબ્રેરી, હ્યુમેનીટીઝ બિલ્ડીગ જર્જરીત થઈ ગયા છે. આ બિલ્ડીગોના સ્થાને નવા બિલ્ડીગ બાંધવાની કોઈ યોજના છે. વિગત આપશોજી.

**ઉત્તર:** ૫૨. હા જી, ઉપરોકત મકાનો બાંધવા માટે નકશા તથા અંદાજો બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે.

## શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૩. આચાર્યશ્રીઓ માટે કોઈ તાલીમની યોજના છે અને અગાઉના વર્ષ ૨૦૧૫–૧૬માં આચાર્યની તાલીમ માટે યુનિવર્સિટી દ્વારા કોઈ ખર્ચ કરેલ છે.

**ઉત્તર:** ૫૩. ઉત્તર : ૧૫ મુજબ.

## ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૪. યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ સમરસ હોસ્ટેલમાં આ વિદ્યાર્થીઓને સમાવી શકાય? **(પ્રશ્ન: ૫૧ મુજબ)**

**ઉત્તર:** ૫૪. ગુજરાત રાજયના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સમરસ હોસ્ટેલનું સંચાલન થાય છે.

## શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૫. યુનિવર્સિટીમાં હાલમાં માત્ર T.Y. (છેલ્લા વર્ષમાં જ ) રીએસેસમેન્ટનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે તો શું F.Y. અને S.Y. માં પણ રીએસેસમેન્ટનો લાભ વિદ્યાર્થીઓને આપવાની કોઈ યોજના છે.

**ઉત્તર:** ૫૫. ના જી.

## ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૬. ગત વર્ષોમાં યુનિવર્સિટીને મળેલ વિવિધ દાનોની વિગતવાર માહિતી આપવા વિનંતી છે?

**ઉત્તર:** ૫૬. યુનિવર્સિટી ગ્રંથાલય – પુસ્તકો –૯૭૨ (રૂા.૧,૮૪, ૪૧૬/–), બુક કેશ – ૧ (રૂા.૮૬,૦૦૦/–).

ગત વર્ષમાં યુનિવર્સિટીને મળેલ વિવિધ દાનોની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | દાતાનું નામ | દાનનો હેતુ | કુલ રકમ |
|---|---|---|---|
| ૧. | સંજુ ડાઈન એન્ડ પ્રિન્ટીંગ મીલ | ડાઈનીંગ હોલ | ૫૦૦૦૦૦ |
| ૨. | સુરૂચિ ટ્રસ્ટ, સુરત | રિર્સચ સેન્ટર | ૫૦૦૦૦૦ |
| ૩. | સુનીલભાઈ એન પટેલ | યુનિવર્સિટીના વિકાસ | ૧૧૧૦૦૦ |
| ૪. | સુરેન્દ્રસીહ બી વાંસિયા | ગાર્ડન | ૧૦૧૦૦૦ |
| ૫. | સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન | ઓડિટોરીયમ/સેમિનાર હોલ | ૪૦૦૦૦૦૦ |
| ૬. | સાધ્ના વિદ્યાભવન | ગાર્ડન | ૧૦૦૦૦૧ |
| ૭. | રૂપેન્દ્રસીહ બી. મકવાના | ગાર્ડન | ૧૦૧૦૦૦ |
| ૮. | પ્રેસીડેન્ટ, લાયન્સ કલબ ઓફ સુરત સીલ્ક સીટી | ગાર્ડન | ૧૦૦૦૦૦ |
| ૯. | પ્રેસીડેન્ટ, અખીલ હીંદ મહિલા પરીષદ | ગાર્ડન | ૨૦૦૦૦૦ |
| ૧૦. | પ્રેસીડેન્ટ, શ્રી ડાંડીવાલા હનુમાનજી મંદિર ટ્રસ્ટ | ગાર્ડન | ૧૫૦૦૦૦ |
| ૧૧. | પ્રેસિડેન્ટ, સાઉથ ગુજરાત યએકેડેમી ઓફ ઓપ્થલમોલોજી | ગાર્ડન | ૧૦૧૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | પ્રતિમા વી. સોલંકી | ગાર્ડન | ૧૦૦૦૦૧ |
| ૧૩. | હરેશ રણજીતસીંહ રાણા | ગાર્ડન | ૧૦૦૦૦૧ |
| ૧૪. | ભાવીની એન. મહેતા. | ગાર્ડન | ૧૫૧૦૦૦ |
| ૧૫. | ભારતીમૈયા મેમોરીયલ ફાઉન્ડેશન | ગાર્ડન | ૧૦૧૦૦૦ |
| ૧૬. | નેહાબેન ગજેન્દ્રભાઈ ચૌહાણ | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૧૦૦૦ |
| ૧૭. | નીકેતભાઈ એસ પટેલ | યુનિવર્સિટીના વિકાસ | ૧૧૧૦૦૦ |
| ૧૮. | યોગેન્દ્રસીહ જે વાંસિયા | ગાર્ડન | ૧૦૦૦૦૧ |
| ૧૯. | વી–ટેક્ષ સીલ્ક મીલ | ગાર્ડન | ૧૫૧૦૦૦ |
| ૨૦. | કમલ વી. તુલશીયાન | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૦૦૦૦ |
| ૨૧. | અંકુર એસ. તુલશીયાન | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૦૦૦૦ |
| ૨૨. | આનંદ જે. તુલશીયાન | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૦૦૦૦ |
| ૨૩. | અનીમેશકુમાર ચંપકલાલ માલી | ગાર્ડન | ૧૦૦૦૦૦ |
| ૨૪. | ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી. | યુનિવર્સિટીના વિકાસ | ૧૪૭૯૮૦ |
| ૨૫. | શુશીલકુમાર એમ. તુલશીયાન | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૦૦૦૦ |
| ૨૬. | શ્યામસંદર એચ. તુલશીયાન | યુનિવર્સિટીના વિકાસ | ૧૦૦૦૦૦ |
| ૨૭. | શ્રી સુધીરભાઈ સોની | ગોલ્ડ મેડલ | ૨૫૦૦૦૦ |
| ૨૮. | શ્રી નીલકંઠ બારોટ | ગાર્ડન | ૧૦૦૦૦૦ |
| ૨૯. | શ્રી જે.એચ. વસોયા | લો–ડિપાર્ટમેન્ટ બાંધકામ | ૧૩૦૦૦૦૦ |
| ૩૦. | શ્રી આર.ડી.દેસાઈ | ગોલ્ડ મેડલ | ૨૫૦૦૦૦ |

## શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૭. યુનિવર્સિટીના (સ્ટેટયુટસ)નિયમો મુજબ ધોરણ–૧૨ સાયન્સમાં (પાસ) વિદ્યાર્થીને કોમર્સ કોલેજમાં પ્રવેશ આપી શકાય કે કેમ? આ માટેનું કોઈ આયોજન છે?

**ઉત્તર:** ૫૭. ના જી.

## ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:

**પ્રશ્ન:** ૫૮. આવાં ઉમદા સખાવતો દાતાઓને યોગ્ય સન્માન અને આદર મળે એવો કોઈ જાહેર કાર્યક્રમનું આયોજન વિચારેલ છે? **(પ્રશ્ન : ૫૬ મુજબ)**

**ઉત્તર:** ૫૮. સમયાંતરે પ્રસંગોચિત આયોજન કરવામાં આવે છે.

**શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ  પ્રશ્નઃ૫૯ અને ૬૦)**

**પ્રશ્નઃ** ૫૯. અર્ન વિથ લર્ન  યોજનાનો અમલ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ તેમજ કોલેજમાં થાય છે અને આજદિન સુધી આ યોજના અંતર્ગત કયા વિદ્યાર્થીઓને કેટલું મહેનતાણું  આપવામાં આવેલ છે તેની વિગત આપશોજી?

**ઉત્તરઃ** ૫૯. અર્ન વિથ લર્ન યોજના અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ એચ. આર. ડી. દ્વારા એક વિદ્યાર્થીની સેવા લેવામાં આવી રહી છે તેમજ જે. ઝેડ. શાહ. એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરત દ્વારા ૫૪ વિદ્યાર્થીઓની સેવા લેવામાં આવી રહી છે જે માટે તેઓને પ્રતિ માસ રૂા.૪,૮૨,૩૦૭/– ની ચૂકવણી કરવામાં આવે છે.

**પ્રશ્નઃ** ૬૦. યુનિવર્સિટીમાં યુથ ફેસ્ટીવલ તેમજ રમત–ગમતમાં રાજય તેમજ દેશ લેવલે ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા પ્રોત્સાહિત રકમો આપવામાં આવે છે? આ માટે કાયમી ધોરણે કોઈ પ્રોત્સાહન મળે તેવી યોજના છે?

**ઉત્તરઃ** ૬૦. જે ખેલાડીઓએ દેશ લેવલે તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર  ખેલાડીઓને ફી માફી કરવામાં આવે છે.

– ટીમ ચેમ્પીયન ની રકમ (ઝોન કક્ષાએ) એક ખેલાડી દીઠ રૂા. ૩,૦૦૦/–, બીજા ક્રમે એક ખેલાડી દીઠ રૂા. ૨,૦૦૦/–

– વ્યકિતની રકમ (ઓલ ઈન્ડિયા કક્ષાએ) ગોલ્ડ મેડલને રૂા.૧૦,૦૦૦/– ૪, સિલ્વર મેડલને રૂા. ૭,૦૦૦/–  અને બ્રોન્ઝ મેડલને રૂા. ૫,૦૦૦/–

સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં નીચેના ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

– કુ. સરિતા ગાયકવાડને  એથ્લેટીકસ તેમજ શ્રી રાજ ભાનવાડીયાને તરણ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ પ્રોસાહન રૂપે રૂા.૧,૦૦,૦૦૦/– એક એકને ચેક દ્વારા આપવામાં આવ્યાં હતાં. તેમજ એમ.એસસી. (આઈ.ટી.)માં શ્રી રાજ ભાનવાડીયાની ફી માફ કરવામાં આવી છે.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ–૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સને ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ૫૦મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>સિન્ડિકેટ તરફથી ડૉ.રાકેશ એન. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો સને ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ૫૦મો વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮ (૧)ની પેટા કલમ – (૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

:: **પ્રસ્તુત અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો.**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટ્યુટ–૯૭ અને કલમ–૫૦(૪) અન્વયે, તૈયાર કરી રજૂ કરેલ અને સિન્ડિકેટની તા.૦૭–૦૨–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ થી મંજૂર થયેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૬–૧૭' નાં વર્ષનું સુધારેલ તથા સને ૨૦૧૭–૧૮'નાં વર્ષનાં અંદાજપત્ર પર વિચારણા કરી સેનેટમાં મંજૂર કરવા બાબત.

**સિન્ડિકેટ તરફથી આ.ડૉ.જે. એમ. નાયકે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ ટેકો આપ્યો હતો.**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧)ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૬–૧૭'નું સુધારેલ તથા સને ૨૦૧૭–૧૮'ના વર્ષનાં અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

:: **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે તૈયાર કરી રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૬–૨૦૧૭નું સુધારેલ તથા સને ૨૦૧૭–૨૦૧૮નાં અંદાજપત્ર વિસ્તૃત ચિર્ચા વિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યાં હતા.**

**The V.N.S.G.U. Act. 1965:**
**SECTION - 51:**

"The Annual Report of the University shall be prepared under the direction of the SYNDICATE and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statute and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of reasons for taking no action."

